
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol - 6 Issue - 4
OCTOBER - 2006

ઓક્ટોબર – ૨૦૦૬
આત્મ સંવત : ૧૧૧
વીર સંવત : ૨૫૩૨
વિક્રમ સંવત : ૨૦૬૨
પુસ્તક : 103

क्रोधाभिमानौ विजहत् पुषाण सर्वत्र मैत्री सहनो मृदुः सन् ।
परोपकारे यदि न क्षमः स्याः परोपकारं तुं न जातु कुर्याः ॥

ક્રોધ તથા અભિમાન છોડી દઈ અને સહિષ્ણું તેમજ નમ્ર બની બધા પ્રત્યે મૈત્રી રાખ. તારાથી બીજાનું હિતસાધન જો ન બની શકે તો કંઈ નહિ, પણ બીજા સાથે અન્યાયથી તો કદિયે વર્તીશ નહિ. બીજાનું બુરૂ તો કદિયે કરીશ નહિ.

Discarding anger and arrogance, and being forbearing and gentle, cherish friendliness towards all. Even though you are not able to benefit others. Yet you should, at least, refrain from doing ill to others.

(કલ્યાણભારતી ચેપ્ટર - ૧, ગાથા : ૨૦, પૃષ્ઠ - ૨૦)

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું આપને સાચા અર્થમાં સુખી થવું છે ?


જે માણસ નિર્ભય છે તે ઈશ્વર અને કર્મ ઉપર વિશ્વાસ રાખીને બેઠો રહે છે. તે ભયભીત બનીને નહીં પણ પોતાનું કર્તવ્ય સમજીને પુરૂષાર્થ ખેડે છે. *જે માણસને ઓછામાં ઓછી જરૂરિયાતથી ગુજરાન ચલાવતા આવડે છે તે સાચો સુખી છે.* દરેક વ્યક્તિ એક સરખો પુરૂષાર્થ કરે તો પણ દરેકને એક સરખો લાભ નથી થતો. દરેકને પોતાના નસીબ મુજબનું ફળ મળતું હોય છે. નસીબ માણસ બદલી શકતો નથી, પણ પોતાની તૃષ્ણા અને જરૂરિયાતો ઘટાડવાનું તો માણસના જ હાથમાં છે.

આ બાબતમાં ભારતના નાગરિકો બહુ આગળ છે. તાજેતરમાં સુખ બાબતોમાં એક વિશ્વવ્યાપી સર્વે થયો તેમાં જાણવા મળ્યું હતું કે ભારતની પ્રજા વિશ્વની ચોથા ક્રમાંકની સૌથી સુખી પ્રજા છે. માથા દીઠ આવકની વાત કરીએ તો આ બાબતમાં ભારતનું સ્થાન વિશ્વમાં ૧૩૫મું છે. તો પછી ભારતની પ્રજા આટલી બધી સુખી શા માટે છે. કારણ કે ઓછા પૈસામાં ઝાઝા સુખી રહેવાની કળા તેને આવડે છે. જેમ્સ મોન્ટિયરે બ્રિટનની પ્રજાનો સર્વે કરીને શોધી કાઢ્યો છે કે આ પ્રજાની ઈ.સ. ૧૯૫૦ના દાયકામાં જેટલી સમૃદ્ધિ હતી તેના કરતાં આજે અનેક ગણી વધુ સમૃદ્ધ છે. તો પણ તેના સુખના પ્રમાણમાં કોઈજ વધારો નોંધાયો નથી. મોન્ટિયરના કહેવા પ્રમાણે *જો તમારે ખરેખર સુખી થવું હોય તો જીવનમાં જે સારી વસ્તુઓ પ્રાપ્ત થઈ છે તેનો આનંદ માણતા શીખવું જોઈએ અને જે વસ્તુઓ પ્રાપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત થતી નથી તેનો અફસોસ છોડી દેવો જોઈએ.* તેના મતે જે માણસ આરામથી ઘસઘસાટ ઊંઘી શકે છે. તે દુનિયાનો સૌથી સુખી માણસ છે અને આ કાર્ય કરવા માટે પૈસાની બિલકુલ જરૂર પડતી નથી. હકીકતમાં વધુ પડતો પરિગ્રહ માણસની ઊંઘ હરામ કરીને તેના સુખચેન ઝૂંટવી લેનારો પુરવાર થાય છે. સાધુ - સંતો પાસે બિલકુલ પરિગ્રહ નથી હોતો તો પણ તેઓ સુખી હોય છે. કારણ કે તેઓ ભયભીત નથી હોતા.

(મુક્તિદૂત માસીકમાંથી સાભાર)



## નૂતન વર્ષાભિનંદન...



*આજના મંગલમય પ્રભાતથી શરૂ થતું નૂતન વર્ષ આપના જીવનમાં માનવતા અને જીવ માત્ર પ્રત્યે સ્નેહભાવની જ્યોત પ્રગટાવે.... આપની શુભ ભાવનાઓ, શુભ સંકલ્પો અને રિદ્ધિ - સિદ્ધિના ગુલાબી સ્વપ્નો સાકાર બનો એવી વીર પ્રભુ પાસે વિનમ્ર પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન.*

: શુભેચ્છક :

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧. ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**: સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) જસવંતરાય સી. ગાંધી — પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત — ઉપપ્રમુખ
(૩) ભાસ્કરરાય વી. વકીલ — ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા — માનદ્‌મંત્રી
(૫) મનીષકુમાર આર. મહેતા — માનદ્‌મંત્રી
(૬) મનહરલાલ વી. ભંભા — માનદ્‌મંત્રી
(૭) હસમુખલાલ જયંતીલાલ શાહ — ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**: શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
અડધુ પેઈજ રૂા. ૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૨૫૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજુ ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : જસવંતરાય સી. ગાંધી

## અનુક્રમણિકા

(૧) શ્રી ઘંટાકર્ણ દાદાનું સ્થાનક : મહુડી - યશવંત કડીકર ૨
(૨) ભગવાન મહાવીરની અનેકાંત દ્રષ્ટિ - વસંતભાઈ મ. વોરા ૪
(૩) પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો ૬
(૪) જૈન ધર્મની પાંચ આગમ કથાઓ - મુનિવાત્સલ્યદીપ ૮
(૫) જ્ઞાન પંચમી આત્માનંદ પ્રકાશ પુ.૩માંથી ૯
(૬) શ્રી જૈન આત્માનંદ સભા - ઓડિટ રીપોર્ટ ૧૨
(૭) સમાચાર સૌરભ ૧૫
(૮) વિષય વાસના ત્યાગો ચેતન ! પંન્યાસ ભુવનસુંદરવિજય મ. ૧૮
(૯) જીવદયા અને શાકાહાર રજૂ:મોદીભાઈ ૨૦
(૧૦) મહાવીર જૈન વિદ્યાલય અઢારમો જૈન સાહિત્ય સમારોહ - મનહરલાલ મહેતા ૨૧
(૧૧) ભાવનગર જૈન સંઘની ગુણાનુવાદ સભા ૨૩
(૧૨) કીર્તિ અને પ્રસિદ્ધિ, જુઠી શાન અને શોભા - મહેન્દ્ર પુનાતર ૨૪

**: આ સભાના નવા આજીવન સભ્ય :**

શ્રી મનોજકુમાર ચંપકલાલ શાહ
સુનીલ મેટલ કોર્પોરેશન - ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા અને આસ્થાનું પરમધામ

# શ્રી ઘંટાકર્ણ દાદાનું સ્થાનક : મહુડી

- યશવંત કડીકર



ગુજરાતમાં ગાંધીનગર પાસે આવેલું, વિજાપુર તાલુકાનું મહુડી તીર્થધામ તો દેશ - પરદેશના લોકો માટે શ્રદ્ધાનું ધામ બની ચૂક્યું છે. આમ તો આ તીર્થની ઓળખ જૈન ધર્મના તીર્થ તરીકે આપવામાં આવે છે, પરંતુ અહીં તો દાદા ઘંટાકર્ણવીરના દર્શન માટે દરેક કોમના ભાવિકો આવે છે અને શ્રદ્ધાપૂર્વક દાદા ઘંટાકર્ણવીરના દર્શન કરી, સુખડીનો પ્રસાદ ધરાવી, દાદાની કૃપાથી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

આમ તો જૈન શાસનના ધર્મ સંરક્ષક એવા બાવનવીર પૈકીના ત્રીસમાં વીર તરીકે જાણીતા દાદા ઘંટાકર્ણવીર લોકકલ્યાણના દેવ છે.

મહુડીનું આ એકમાત્ર જૈન તીર્થ છે કે જ્યાં સુખડીનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે અને નૈવેદ્યના પ્રસાદની વિશિષ્ટતા એ છે કે અહીંનો પ્રસાદ મંદિરના આંગણથી બહાર લઈ જવામાં આવતો નથી, અને તે માટે એવી માન્યતા છે કે જો પ્રસાદ બહાર લઈ જવામાં આવે તો એના ઉપર અણધારી આફત ઉતરે છે. આ ભય પણ પ્રસાદ બહાર ન લઈ જવાનું એક કારણ છે અને આપણા સંત કવિ તુલસીદાસે કહ્યું છે ને કે 'ભય બિન પ્રીત ન હોય ગોસાઈ' પરંતુ મહત્ત્વની વાત એ છે કે આ શુદ્ધ ઘીની સુખડીના પ્રસાદનો લાભ ત્યાં ઉપસ્થિત ભાવિકો અને સ્થાનિક લોકોને મળે એ છે.

આ ધર્મસ્થાનની વિશેષતા એ છે કે આ જૈન તીર્થધામ કહેવાતું હોવા છતાં અહીં જૈન સિવાયના અન્ય ધર્મના લોકો વિશેષ પ્રમાણમાં આવે છે. એક કહેવાય છે કે દરરોજ લગભગ ૭૦૦૦ રૂા. ની સુખડીનું અહીં નૈવેદ્ય ચડે છે અને એમાંય રવિવારે તો ૨૫ થી ૩૦ હજારની સુખડી શ્રદ્ધાળુ ભક્તો ઘંટાકર્ણ વીરને નૈવેદ્યરૂપે ધરાવે છે.

આ મંદિરના આરાધ્યદેવ ઘંટાકર્ણવીર માટે એવી એક દંતકથા પ્રવર્તે છે કે, સદીઓ પહેલાં આ આખાય વિસ્તારમાં જંગલી પ્રાણીઓ અને લુંટારૂઓની ખૂબજ હેરાનગતિ હતી. તે સમયે તુંગભદ્ર નામે એક રાજા થઈ ગયા. આ રાજાનો પહેરવેશ સશસ્ત્ર યોદ્ધાનો હતો. ધનુષ્ય બાણથી સજ્જ આ રાજવી સાધુ - સંતો - સ્ત્રીઓ અને યાત્રાળુઓનું રક્ષણ આપતા, તેથી તેમના આ સેવા કાર્યને બિરદાવવા તેમને વીરનું સ્થાન આપવામાં આવ્યું અને પછી તો તેઓશ્રી 'ઘંટાકર્ણવીર' તરીકે પ્રસ્થાપિત થયા તો બીજી પણ એક એવી કિવદન્તી છે કે, મહાન તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા. એ ઉગ્ર તપસ્યા આદરી હતી. આ સાધના દરમિયાન તેમણે ભગવાનને જે સ્વરૂપે જોયા તેનું એક ચિત્ર બનાવ્યું અને ચિત્ર પરથી અમુક ચોક્કસ મુહૂર્ત દરમિયાન આરસની પ્રતિમા ઘડવા શિલ્પીને જણાવ્યું. પરંતુ મૂળચંદ મિસ્ત્રી નામના આ કારીગરે તે સમયે આરસનો તે પ્રકારનો પથ્થર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવતાં આ.શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ.સા. એ ખારાઘાટના પથ્થરમાંથી પ્રતિમા બનાવરાવીને પ્રતિષ્ઠાનું મુહૂર્ત સાચવી લીધું. આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાઈ તે સમયે મંત્ર અંકિત કરેલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ઘંટની પણ સ્થાપના કરાઈ હતી. કેટલાંક મંદિરોમાં જેમ પાપ-પુણ્યની બારીઓ હોય છે. તેવી જ રીતે તેવા પ્રકારનો અહીં એક ઘંટ છે. અત્યંત સાંકડા પગથિયાવાળી સીડી આ ઘંટને સાંકળી રહી છે. અને ૨૦ ફુટ નીચે આવેલો આ ઘંટ વગાડનાર નસીબદાર છે. તેવું માનવામાં આવે છે. આ મહુડીના ઘંટાકર્ણવીર દાદાની બીજી એક વિશેષતા છે. અન્ય જૈન મંદિરમાં હોય તેવી આ મૂર્તિ આરસની નહીં પણ ખારાઘાટના પથ્થરની બનેલી છે. ખારાઘાટના પથ્થરને પૂજાથી ઘસારો પહોંચતો હોઈ વર્ષમાં માત્ર એક જ દિવસ કાળી ચૌદશે પક્ષાલ અને કેસર ચંદન પૂજાની છૂટ અપાઈ હોવાનું માનવામાં આવે છે. તાંત્રીક દષ્ટિએ પણ કાળી ચૌદશ મહત્ત્વનો દિવસ ગણાય છે.

આ હવનની વિધિમાં ખાસ પસંદગીના લોકો જ બેસી શકે છે. યજ્ઞમાં ૧૦૮ આહૂતિ અપાય છે અને દરેક આહૂતિને અંતે મંત્ર પઠન અને ઘંટનાદ કરાવાય છે. એ પછી ૧૦૮ દીવાની આરતી ઉતારાય છે. મહુડીમાં વર્ષે એક જ વાર થતાં આ હવનની તમામ વિધિ વિજાપુરના એક જૈન પરિવાર દ્વારા છેલ્લા નેવું વર્ષથી એક ધારી કરવામાં આવે છે. યજ્ઞમાં ઉચ્ચારનો મંત્ર આ.શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ.સા.એ આ જૈન પરિવારના મોભીને આપ્યો હતો. જે ગુપ્ત મંત્ર પેઢી દર પેઢીથી કુટુંબના મોભી સૌથી મોટા વારસદારને શીખવાડતા જાય છે. માત્ર કાળી ચૌદશે જે શ્રી ઘંટાકર્ણ મહાવીરની નવઅંગી પૂજા થાય છે. આ પૂજા તથા હોમની વિધિ પહેલા રાત્રિના સમયે થતી હતી. આ વિધિમાં લાખો લોકો ઉપસ્થિત રહે છે. ગાડીઓની લાઈન જુઓ તો માઈલો સુધી લાંબી હોય છે. મહુડીથી નજીકના રેલ્વે સ્ટેશન પીલવાઈ રોડના ફાટક સુધી ગાડીઓ પાર્ક કરેલી જોવા મળે છે. પરંતુ છેલ્લા થોડા સમયથી આટલી બધી વસ્તી ઉપસ્થિત રહેતી હોવાના કારણે કોઈ અઘટિત ઘટનાના સર્જાય તે માટે આ હવનવિધિનો સમય આયોજકોએ રાત્રિના બદલે દિવસનો કરી નાખ્યો છે. આ યજ્ઞની વિધિ ચાલે તે દરમિયાન ભાવિકો નાડાછડીનો ટુકડો કે જેની લંબાઈ બેથી અઢી ફૂટ હોય છે. તેના પર દરેક આહુતિ સમયે એક ગાંઠ વાળે છે. આ રીતે ૧૦૮ ગાંઠવાળી માળા તૈયાર કરાય છે. કાળી ચૌદશે મહુડીમાં ઉમટતા શ્રદ્ધાળુઓમાં દેશ-વિદેશથી લાખો લોકો આવે છે.

આ સ્થાનના અધિષ્ટાતા રક્ષક દેવનું નામ શ્રી ઘંટાકર્ણ દાદા એટલા માટે પડ્યું છે કે, ઘંટાકર્ણ દાદાની પ્રતિમાના કાને જે કુંડળ છે તેનો આકાર ઘંટ જેવો છે.

અહિંયા યાત્રાળુઓ માટે રહેવા-જમવાની ખૂબજ સરસ અને સૌ કોઈને પોષાય એવી વ્યવસ્થા છે. ઘંટાકર્ણવીર દાદાના સ્થાનક પાસે જૈન ધર્મનુ ભવ્ય દેરાસર છે. એમાં જૈન સંપ્રદાયના તીર્થંકર ભગવંતોની આરસપહાણની ભવ્ય મૂર્તિઓ છે.

આ સ્થાનની બહાર વૈષ્ણવ સંપ્રદાયનું ભગવાન કોટયાકનું પણ વિશાળ અને ભવ્ય મંદિર છે. વૈષ્ણવ ધર્મની પરંપરા પ્રમાણે અહીં સમાસમાના દર્શન થતા હોય છે. અહીં રહેવા-જમવાની સરસ મજાની સગવડ છે. વેકેશનના સમયમાં તો અહીં જગ્યા પણ મળતી નથી.

આમ ઘંટાકર્ણ દાદાનું આ તીર્થ ભાવિકો માટે તો શ્રદ્ધા અને આસ્તાનું પરમતીર્થધામ છે. દાદા અહીં સૌની મનોકામના પૂર્ણ કરે છે.

**('સંદેશ' દૈનિકમાંથી સાભાર)**

---

અસભ્ય આચરણ સાથે જીવનમાં સફળ થવું મુશ્કેલ છે. અસભ્ય વ્યક્તિ માટે ઉન્નતિનો દરવાજો કઠણ સાધના પછી ઉઘડે છે, જ્યારે શિષ્ટ અને મૃદુવાણી બોલનાર વ્યક્તિ પોતાના સ્વભાવ માધુર્યમાત્રથી પોતાનો રસ્તો મેળવી લે છે. મધુરવાણી ઉચ્ચારનારને સહુ કોઈ ચાહે છે, સહુ કોઈ એનો આદાર કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીરની અનેકાંત દ્રષ્ટિ

લેખક : વસંતભાઈ મ. વોરા

અનાદીકાળથી ભારતવર્ષ સંતોની, અવતારોની, તિર્થંકરોની પવિત્ર ભૂમિ તેમજ વિચારકોની પ્રચારભૂમિ અને દાર્શનિકોની દિવ્યભૂમિ રહી છે. અહીંયા તેજસ્વી મહાપુરૂષોએ જન્મ લીધો અને પોતાની વાણીથી નવજાગૃતિનો સંદેશ સમગ્ર માનવજાતીને આપ્યો, માનો મનુષ્યએ ચરિત્રના સર્વોચ્ચ શિખરને સ્પર્શ કરી લીધો હોય અને તેથી વર્તમાન યુગમાં પણ આ મહાપુરૂષોના વિચારોનો પ્રભાવ મનુષ્ય ઉપર દેખાઈ આવે છે. આમાં ભગવાન મહાવીરનું અવિસ્મરણીય સ્થાન અને અમૂલ્ય ફાળો રહ્યો છે.

આજની તિથિ ચૈત્ર સુદિ - ૧૩ ના ભગવાન મહાવીરે જન્મ લઈ, જન્મથી મૃત્યુની યાત્રા પ્રારંભ કરી જે અંતમાં મૃત્યુંજયી બની અનંતમાં વિલીન થઈ ગઈ. ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ વર્ષથી વધુનો સમય વિતી ગયો છે. આજે પણ તેમના સ્મરણથી મન નાચી ઉઠે છે. આપણા મુખથી તેમના ગુણગાનના શબ્દો શ્રદ્ધાભાવથી સરી પડે છે. પ્રભુ મહાવીરે મનુષ્યને અજ્ઞાન અને અવિવેકના અંધકારથી બહાર નિકાળી સત્ય, અહિંસા, દયા અને કરૂણાના આદર્શ સિંહાસન પર બિરાજીત કર્યો. તેમના સમયમાં જ્યાં ત્યાં હિંસાનું તાંડવ નૃત્ય ચાલતું હતું ત્યારે વિશ્વને હિંસાના દાવાનળથી પ્રભુ મહાવીરે સર્વપ્રથમ બહાર કાઢવામાં સિંહફાળો આપ્યો.

પ્રભુ મહાવીરે માનવને અહિંસાનો સિદ્ધાંત યા સ્વરૂપ અનેકાંતનો આપ્યો. કોઈના પ્રાણ હરવા, હત્યા કરવી એજ ફક્ત હિંસા નથી... વિચારોની હિંસા પણ કહેવાય છે. આપણને ભગવાન મહાવીરે વિચારોની હિંસા એટલે અનેકાંતના સિદ્ધાંતની અમૂલ્ય ભેટ આપેલ છે. 'હું જે કહું એ જ સત્ય છે' એવું કહેવું અથવા મત પ્રગટ કરવો એ પણ હિંસા છે. બીજાના કહેવામાં, વિચારોમાં પણ સત્યનો ભાગ હોઈ શકે છે. આવું વિશાળ દૃષ્ટીથી જોવું અનેકાંત કહેવાય છે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને સાપેક્ષાવાદના અને આધ્યાત્મીક જગતમાં મહાવીરે સાપેક્ષ દ્રષ્ટીના દર્શન કરાવ્યા. આચાર્ય વિનોબા ભાવે એ કહ્યું હતું કે મહાવીરની અનેકાંત દ્રષ્ટી જગતને અનુપમ ભેટ છે.

દિવ્યસત્ય એ છે કે દરેક આત્મા નવજન્મે નવું શરીર ધારણ કરે છે. મનુષ્ય કોઈના જન્મથી ખુશી અનુભવે છે, આનંદીત થાય છે અને સમય આવ્યે તેનાજ મૃત્યુથી દુઃખ અનુભવે છે. આને આપણે મનુષ્યની નાસમજ કે કમજોરી કહેશું. આ કાળચક્ર અનંતકાળથી ચાલ્યો આવે છે અને ચાલતો રહેશે પરંતુ ભગવાન મહાવીર આ પ્રવાહમાં ના વહ્યા અને તટસ્થ રહ્યા અને વાસ્તવમાં મહાવીર કહેડાવવાના યોગ્ય બન્યા. ભગવાન મહાવીર પ્રખર વિચારક અને ચિંતક હતા. તેમનું જીવન સહજતાથી વ્યતીત થયું. જીવનના હર ક્ષણનું તેઓ ઉંડુ ચિંતન કરતાં.

જીવન ક્ષણભંગુર છે, આ જે જાણી લે છે તે પળ પળનો સદ્‌ઉપયોગ કરે છે અને આ જીવન જીવવાનો ઉદ્દેશ્ય છે. જીવનમાં કોણ કોને કયાં સુધી, કેવી રીતે, કેટલો સાથ આપી શકશે, તે કહેવું અસંભવ છે પણ સત્ય એ છે કે ધર્મ-કર્મ અંત સુધી સાથ આપે છે. હકીકતમાં મહાવીર નામ મુજબ જ વર્ધમાન હતા. તેઓ સ્વયંની આત્માથી નિરંતર પ્રગતિશીલ હતા. વર્ધમાનની દરેક પળ વર્ધમાન અને વર્તમાન હતી. તેમને સ્વયં ખોવાઈ જવાનો ભય ન હતો. જે સત્ય છે, શાશ્વત છે, જે ખોવાઈ જવું અસંભવ છે, તેને મહાવીર ગોતતા રહેતા. તેમાં ખોવાઈ જવામાં તે રાજી હતા. પ્રભુ મહાવીરનો ઉપદેશ પણ એ હતો કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે નશ્વર છે, તેને પકડવાનો પ્રયાસ વ્યર્થ છે. સાચું સુખ પરમાત્માની પ્રાપ્તીમાં, પરમાત્મા મિલનમાં છે. જગત સુખ-દુ:ખથી ભરેલ છે. ખુશી સાથે ગમ જોડાયેલ છે. જેનો ન કદિ જન્મ કે ન કદિ મરણ છે.

ભગવાન મહાવીરના મતે જે કર્મયોગી છે તે જન્મ-મરણનો નહીં, શાશ્વત આત્મતત્વનો વિચાર કરે છે. જેનો જન્મ છે, તેનું મૃત્યુ અટળ છે અને જે મૃત્યુ પામે છે તેનો નવજન્મ પણ અવશ્ય છે. આ અવિરત ચક્ર છે. મહાવીરના વિચારે જો આપણે જીવનને જાણવું હોય તો વસ્તુના કોઈ એક ભાગને પકડી કે અટકાવી ના રાખીએ. ફકત જન્મ-મરણ જ સત્ય નથી, સત્ય એ પણ છે જે જન્મ - મરણથી ભીન્ન છે. જે મરણથી ભયભીત થાય છે, માનો તેનું જીવન થંભી જાય છે. પરંતુ જે મરણ પ્રતિ નિશ્રીત છે, મરણના સત્યને જે સ્વીકાર છે તેનું મૃત્યુ પણ પ્રકાશમય બની જાય છે. તેનું જીવન અવિસ્મરણીય બની રહે છે. તે પોતાની સાધના ના બળે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી લે છે. જીવનના આદિ અને અંતની એક સાથે અનુભૂતિ થવાથી આપણો પથ પ્રકાશમય થઈ શકે છે. અનેકાંતયુકત દ્રષ્ટી આપણને ચિંતામુકત કરવામાં સહાયક, મદદરૂપ થાય છે. સમતા અનેકાંતનું હૃદય છે. સામો પક્ષ આપણને જે કહે છે, તેનો સહર્ષ સ્વીકાર કરો. જગતમાં કોઈ એવો મત નથી જે ભગવાન મહાવીરના દિવ્ય દેશનાથી હંમેશા અસંબંધીત રહ્યો હોય.

ભગવાન મહાવીરે અનેકાંત દ્રષ્ટીના દર્શન કરાવી વસ્તુના વાસ્તવીક સ્વરૂપનું જ્ઞાન આપેલ છે. આપણામાં વૈચારિક સહિષ્ણુતા અને પ્રાણીમાત્ર પ્રતિ દયાભાવ, સદ્દભાવનાના બીજ રોપેલ છે.

આત્મગુણ જે આપણી અંદર છે, તેને ઊંડે ઉતારી સ્વયંને જોવું, જાણવું અને સ્વયંમાં મગ્ન થઈ જવું એ જ આત્મોન્નતીનો માર્ગ છે. હું કોણ છું ? આવો ભાવ અંદરોઅંદર ઊંડે ઉતરતો જાય અને પરાવર્તિત થતો જાય જે સ્વયંને પણ ન સંભળાય, ફકત આત્મસ્વરૂપ પાત્ર જ આપણી સમક્ષ રહે તો તેમાં જ મહાવીર પ્રતિબિંબિત થઈ શકે છે.

આ જ ભગવાન મહાવીરનો ઉપદેશ છે. પ્રત્યેક આત્મામાં ભગવાન મહાવીર વિદ્યમાન છે. આત્મા અનંત છે. ચેતનાની ધારા અક્ષુણ્ણ છે. જરૂર છે તેમાં ડૂબકી લગાવવાની. ભગવાન મહાવીરમાં આપણે સ્વયંને જોઈ શકીએ. એ જ આપણી મોટી સાર્થકતા કહેવાશે. દુ:ખની વાત તો એ છે કે આત્માને અનંતકાળથી ભીન્ન ભીન્ન શરીર ધારણ કરવું પડે છે.

શરીરથી હંમેશ માટે મુકત થઈ જવું એ જ સાચું સુખ છે. ભગવાન મહાવીરે આત્મબળે મુકતી મેળવી અને મનુષ્યને આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો. તેમના બતાવ્યા માર્ગે આગળ વધી માનવ પણ મુકતી પામવા ડગ માંડી શકે છે.

**(ગુજરાત સમાચાર તા.૨૧-૦૪-૦૫ માંથી સાભાર)**


## ગૃહપતિની જરૂર છે.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ - પાલીતાણા માટે ગૃહપતિની જરૂર છે. શૈક્ષણિક લાયકાત, અનુભવ અને ઉંમરની વિગત સાથે અરજી મોકલવા વિનંતી છે. જૈન ભાઈને પ્રથમ પસંદગી. પગાર ઉપરાંત સ્ટાફ કવાર્ટસ આપવામાં આવશે.

**: માનદ મંત્રીઓ :**

*** શ્રી શાંતિલાલ એચ. શાહ**

C/o. વિજય અને કેતન

૧૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ત્રીજે માળે,

મુંબઈ - ૪૦૦ ૦૦૩.

ફોન : ૨૩૪૦૦૩૭ ઘર : ૨૫૬૧૦૫૪૩

*** શ્રી બી. સી. મહેતા :** ૨૫૬૮૪૩૬૮




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા. ના પ્રવચનો

## (સંવત ૨૦૧૮ પોષ સુદ - ૧૧ મંગળવાર, પોળની શેરી, પાટણ)

**વ્યાખ્યાન : ૯**

### નવ લાખ નવકારનું અનુષ્ઠાન

***जिणसासणस्स सारो, चउदहपुव्वाण जो समुध्धारो,***
***जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणई ।***

*જેના મનમાં નવકાર રમતો હોય તેને સંસાર શું કરી શકે ?*

*જીવ જે કર્મ બાંધે છે તેના કરતા વધારે ક્ષય કરવાની તાકાત નવકારમાં છે.*

નવકાર દેખાવામાં નાનો છે પણ એની શક્તિ મોટી છે. તે શબ્દોમાં ઉતારી શકાય તેમ નથી.

નવકાર ગણવાનો છે જિનાજ્ઞાના પાલન માટે. આ આજ્ઞા ત્રણભુવન ઉપર છે. પ્રભુઆજ્ઞા રંકને ક્ષણવારમાં રાજા બનાવે છે. જેમ પોલીસ પાસે પટ્ટો રાજસત્તાનો છે તેથી તે ગમે તેને ઊભો રાખી શકે છે. તેમ નવકાર એ ધર્મસત્તાનો પટ્ટો છે. નવકાર નાનો લાગે છે પણ તેને બતાવનાર મોટા છે તેઓ કહે છે કે નવકાર અક્ષરથી ભલે નાનો છે, પણ એ શક્તિથી મહાન છે. જેમ અગ્નિનો કણ નાનો હોય છે છતાં તેમાં અપાર તાકાત ભરેલી હોય છે. નવકારજપનાં પ્રારંભમાં હમેશા ભુલચુક થવાની પણ એમ કરતાં કરતાં જ આગળ વધી શકાય છે.

લબ્ધિથી જ ચૌદ પૂર્વોના પારને પામી શકાય છે. ભણવાથી પાર પામી ન શકાય . મોહનીયના ક્ષયોપશમથી – નમ્રતાથી જે પ્રાપ્ત થાય છે તેનાથી જ ચૌદ પૂર્વો સમજી શકાય છે. નવકારથી વિનય બતાવાય છે. વિનય એ સર્વ લબ્ધિઓનું ઉદ્‌ગમ સ્થાન છે. વિનય વિના આ જગતમાં પણ કોઈ કામની સિદ્ધિ ન થઈ શકે. વિનય વિના એકપણ પુરૂષાર્થ સિદ્ધ થઈ શકતો નથી.

અત્યારનો જમાનો યંત્રવાદનો છે. વિનાશક અણુબોમ્બ આદિ શોધાયા છે. તેની સામે સંરક્ષણ મેળવવું હોય તો તેની સામે ટકવા માટે સમર્થ સાધન જોઈએ અને તેનું નામ છે મંત્ર.... બધા મંત્રમાં નમસ્કાર શ્રેષ્ઠ છે. મંત્ર સિદ્ધિ માટે અંદરના ઊંડાણમાં ઉતરવાનું છે. ઋદ્ધિ અને સિદ્ધિ અંદર છુપાયેલી છે. રિદ્ધિ બહારથી આવતી નથી. અંદરથી આવે છે.

મંત્રની આરાધનામાં તપ જરૂરી છે. કારણ કે શરીરની મિજબાની આત્માને દુઃખદાયી છે. શરીરના કષ્ટ વખતે આત્માને ઉજાણી થાય છે. મોક્ષમાં ગયા વિના જ મોક્ષમાં શું સુખ છે તેનો અનુભવ જેનાથી મળે તેનું નામ ઉપવાસ.

આત્મા એ જ પરમાત્મા છે. નમસ્કાર દ્વારા જે પરમાત્માને નમીએ છીએ તે આપણા આત્માની જ અવસ્થા છે.

***थंभेइ जलजलणं, चिंतियमित्तोवि पंच नमुक्कारो,***
***अरिमारिचोरराउल, धोरुववसग्गं पणासेइ ॥***

નવકાર મંત્ર મનમાં ચિંતવવા માત્રથી જલ અને અગ્નિ સ્થંભિત થઈ જાય છે તથા શત્રુ - મરકી - ચોર રાજ્યનો ભય અને ઘોર ઉપસર્ગ નાશ પામી જાય છે. એટલે જ કહેવાય છે :

***एसो मंगलनिलयो, भवविलओ सयलसंघ सुहजणओ ।***
***नवकार - परममंतो, चिंतियमित्तो सुहं देइ ॥***

આ નમસ્કાર મંગલનું સ્થાન છે. સકલ સંઘને સુખકારક છે. ભવનો નાશ કરનાર છે. એવો નવકાર સ્મરણ માત્રથી સુખને આપે છે.

નવકારના ૬૮ અક્ષરનાં જાપથી ભવનો વિલય થાય છે.

નવકાર ગણવા એટલે સાચાં મોતીની માળા પરોવવાની છે. અર્થાત્ મનરૂપી દોરાની અંદર નવકારનાં સાચાં મોતીની માળા પરોવવાની ક્રિયા કરવાની છે.

મંત્રમાં બધી ઈચ્છાઓ પૂરી કરવાની તાકાત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મણિ - મંત્ર અને ઔષધિઓની શક્તિ અચિંત્ય હોય છે. મંત્રમાં જેમ ઈચ્છાઓ પૂરી કરવાની તાકાત છે તેમ ઈચ્છાઓનો મૂળથી નાશ કરવાની પણ તાકાત છે. મંત્રને સંબંધ મનની સાથે છે. મંત્રથી આપણે આપણા મનની શુદ્ધિ કરવાની છે. એની શુદ્ધિ થશે એટલે બીજું બધું સુધરી જશે.

'નમો'થી મન આંતર તરફ દોડે છે. 'નમો અરિહંતાણં' નવકારનું મૂળ અને મુખ્ય પદ છે. બીજા બધા પદો એમાંથી ઉત્પન્ન થાય છે.

અરિહંતના ધ્યાનથી આત્મા તે વખતે અરિહંત સ્વરૂપ બને છે.

લાખ નવકારનું સ્મરણ કરનાર તીર્થંકર નામકર્મ બાંધે છે. મહેનત કેટલી...? માત્ર સ્મરણ કરવાની અને લાભ કેટલો... ? તીર્થંકર પદ મળે. તીર્થંકરથી અધિક પદ આ જગતમાં બીજું નથી. એવું મોટું ફળ નવકારના જાપથી મળે છે.

એક જ પદને વારંવાર જપવાથી આત્મશક્તિ નવી - નવી પ્રગટ થતી જાય છે.

જિનશાસનની ઉત્પત્તિ નમસ્કારમાંથી થઈ છે. 'નમો' એ ઉન્નતિનું બીજ છે. 'નમો'માં ચમત્કાર ભરેલા છે.

પ્રભુનું નામ લેવા માત્રથી કામ સિદ્ધ થાય છે. એ ચમત્કાર શું ઓછો છે ... ? એટલે જ જ્યાં નમસ્કાર ત્યાં જ સાચો ચમત્કાર એમ માનીને ધર્મશક્તિની કદર કરતાં શીખવું જોઈએ.

નમ્ર અને નિર્ભયતાનો મંત્ર નમસ્કાર છે, માટે અરિહંતને નમતાં શીખવું જોઈએ. બધુ સુખ એની પાછળ છુપાયેલું છે. અરિહંતને નમસ્કાર કરનાર અરિહંત બને છે.

નવકારની પ્રાપ્તિ આપણને થઈ તેથી એમ માનવું જોઈએ કે આપણને આ ઘણી શ્રેષ્ઠ વસ્તુ મળી ગઈ. આપણે એ માટે હવે લાયક બનવું જોઈએ.

જાપમાં ચાર વસ્તુ જોઈએ. ધ્યેય - ધ્યાન - ધ્યાતા અને ફળ. આ ચાર વસ્તુની સમજણ કરી લેવી જોઈએ. ધ્યાન કરવાની શક્તિ તો દરેકમાં છે. પણ ધ્યેય આપણે શુદ્ધ પ્રાપ્ત કરવું જોઈએ. ધ્યાતા કેવો જોઈએ તેના પણ લક્ષણો બતાવવામાં આવ્યા છે.

નવકાર ગણતા પહેલાં 'ખામેમિ સવ્વ જીવે' ગાથાનો ભાવ ભાવિત કરવો જોઈએ. 'ખામેમિ' એટલે હું ક્ષમા માંગુ છું. ***'मित्ती मे सव्वभूएसु'*** આ ભાવનાવાળો બીજાનું સુખ ઈચ્છયા વિના રહી શકે નહિ.

જિનશાસનમાં વાસ્તવિક રીતે કર્મ સિવાય આપણો કોઈ દુશ્મન નથી. અને કર્મ પણ પોતાના જ પોતાને નડે છે. એટલે તેમાં બીજા કોઈ ગુનેગાર નથી.

ક્ષમાપના પછી નમસ્કાર લાગુ પડ્યા વિના રહેતો નથી. અને એ લાગુ પડે એટલે મૈત્રી પ્રગટ્યા વિના રહે નહિ.

તીર્થંકરો પણ તીર્થંકર બન્યા પહેલાં પોતાના જીવનમાં એ ભાવનાને ભાવિત કરીને જ આગળ વધે છે.

આરાધનામાં જેટલાં સચેતન - અચેતન - સહાયક તત્ત્વો છે. તેનો ઉપકાર માનવો જોઈએ. તેનું બહુમાન કરવું જોઈએ.

નમવું એટલે નમ્ર બનવું. અરિહંતના ચરણમાં આપણું મસ્તક નમાવીએ તો તેની અસર થાય છે. અરિહંતાદિની કૃપા ઊભરાય છે. એ કૃપા ભક્તિ વિના શક્ય નથી. એ કૃપા એમને કરવી પડતી નથી. પણ કૃપા થઈ જાય તેવો એમનો સ્વભાવ જ હોય છે. કારણ કે તેઓ સંપૂર્ણ છે. તેમને કંઈ કરવું પડતું નથી. જો કંઈ કરવાનું રહેતું હોય તો તે અપૂર્ણતા ગણાય અને ભગવાન તો કૃતકૃત્ય છે.

વૈદ્ય દવાથી રોગ મટાડે છે. સંત દુવાથી રોગ મટાડે છે. ભગવાન દવા અને દુવા વિના સ્વભાવથી જ ભવરોગ મટાડે છે.

'ખામેમિ સવ્વ જીવે' એ પહેલી ગાથા એની સાથે ***'शिवमस्तु सर्वजगत'*** આ બીજી ગાથા પણ જોઈએ. આ બે ગાથાની ભાવના પૂર્વક નવકાર ફળીભૂત બને છે.

ઉત્તમ અધ્યવસાય નવકારના સ્મરણથી થાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેમાં પાપ ખપાવવાની અચિંત્ય શક્તિ રહેલી છે. એક અક્ષરના સ્મરણથી સાત સાગરોપમના પાપ ટળે છે. નવકારને યાદ કરો ત્યારે અનેક ભવના પાપ ખપી જાય છે. તેને ક્યાંય ડરવાનું નથી. ત્રણભુવનમાં એને હવે ક્યાંય ખોટ નથી. કારણ કે કમાણીનો ધંધો તેની સાથે છે.

જીવ કર્મ બાંધી શકવા સમર્થ છે. તેનાથી અનેક ગણી વધારે શક્તિ નવકારના સ્મરણમાં કર્મ ખપાવવાની છે.

અરિહંતોના ભાવને નમવાથી આપણો દ્રવ્ય નમસ્કાર ભાવ નમસ્કાર બની જશે. *'मैत्रीपवित्रपात्राय'* એ બધો પરમાત્માનો ભાવ છે. નવકાર ગણતી વખતે તેને યાદ કરવાથી દ્રવ્ય નમસ્કાર પણ ભાવ નમસ્કાર રૂપ બને છે.

નવકારને આયંબિલ સાથે, નવકાર ને ધરણેન્દ્ર - પદ્માવતી સાથે, નવકારને ખીરની સાથે સંબંધ છે.

(ક્રમશઃ)

## જૈન ધર્મની પાંચ આગમ કથાઓ...

## (ચાર) ધર્મનો વિજય

મુનિ નંદિષેણ શ્રમણ ભગવાન મહાવીરના શિષ્ય બન્યા અને ત્યાગનો પંથ પકડ્યો : આકરી તપશ્ચર્યા અને નિરીહ સાધનાના પ્રભાવથી એમને અનેક દૈવી લબ્ધિઓ સાંપડી.

મગધ નરેશ શ્રેણિકના તેઓ પુત્ર હતા. તે કાળે અને તે સમયે તેમની અદ્‌ભુત વીણાવાદક તરીકે નામના હતી. પરંતુ દિક્ષાગ્રહીને તપસ્વી થયા ને મોહ, મમતાને સાપની કાંચળીને જેમ જીવન પરથી ઉતારી મૂકયા.

મગધના વિભિન્ન ક્ષેત્રો અને શહેરોમાં તેઓ નિત્ય વિહરતા, ભીક્ષાર્થે જતાં. એકદા કોઈ વેશ્યા ગૃહે ભીક્ષાન્ન માટે જઈ ચડયા અને બોલ્યા :

'ધર્મલાભ'

રૂપરૂપના અંબાર જેવી વેશ્યા ત્યાં જ ઉભેલી. એ મોહક નેત્રોનો જાદુ ફેલાવી રહી હતી. બોલી :

'મુનિવર ! અહીં ધર્મલાભ નહિ, અર્થલાભ જોઈએ : એ આપો'

નંદિષેણ મુનિનો અહં કંપ્યો : સાધુએ પોતાની લબ્ધિના પ્રભાવથી સોનાનો વરસાદ વરસાવ્યો. વેશ્યા ચમકી. એ સાધુને વળગી રહી : 'ચાલ્યા ન જતા, અહીં જ રહો, નહિ તો મોતને વહાલું કરીશ.'

મોહનો વિજય થયો. મુનિ ત્યાં વસ્યા. કહ્યું : 'રહું પણ એક શરત : રોજ દસને દીક્ષાના પંથે વાળીશ. પછી જ ભોજન કરીશ.'

એ ક્રમ સાડાબાર વરસ ચાલ્યો.

એકદા નવને નંદિષેણે ધર્મમાર્ગે વાળ્યા, દસમો ન માને. કહે કે, 'ધર્મપંથ સારો છે તો તમે કેમ તે માર્ગે જતા નથી ?'

એ વ્યક્તિને સંસાર ગમતો હતો, ધર્મ નહિ, સાધના તેને કઠીન લાગતી હતી.

નંદિષેણ સમજાવતા રહ્યાં. સવારની બપોર થઈ, બપોરની સાંજ થઈ. ભોજન ઠંડા થઈ ગયા, વેશ્યા અકળાઈ ઉઠી. એ બોલી :

'એની સાથે ક્યાં સુધી માથું કૂટશો ? એ ન માને તો કંઈ નહિ, આજે દસમાં તમે !'

એ વેણથી હૃદયમાં વૈરાગ્યનાં ડંકા પડયા. નંદિષેણ ફરીથી સાધુ બન્યા.

વાસના ઝૂકી, ધર્મનો વિજય થયો.

: મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ.
'મુનિ વાત્સલ્ય દીપ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાન પંચમી

આ ભારત વર્ષમાં આર્હત ધર્મની પર્વાવલીમાં જ્ઞાનપંચમીનું મહાપર્વ એક અગત્યનું પર્વ છે. સર્વ ધર્મ ભાવાનાનું મૂલ જ્ઞાન છે. જ્ઞાનના ગૌરવથી જ ધર્મની ઉન્નતિ છે. જ્ઞાનભક્તિએ ઉત્તમ ધર્મભક્તિ છે. જ્ઞાનરૂપ અલંકારથી અલંકૃત થયેલા પુરૂષો જગતને વંદનીય થાય છે. જ્ઞાન તત્વદર્શન કરાવે છે. જ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી જગતના સર્વ પદાર્થો પ્રકાશિત થાય છે. પ્રાચીન જૈન મુનિઓએ પોતાના જ્ઞાનના બળથી ભારતના માનવ મંડળને આકર્ષ્યું હતું. તેમની રચેલી સંસ્કૃત અને પ્રાકૃતની સુંદર ધર્મગાથાઓ આર્ય જગતમાં અદ્યાપિ માન પામે છે. એ જ્ઞાનતત્વ આર્ય જગતમાં સનાતન ધર્મનું મૂળ તરીકે મનાયું છે. સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રનું અવલંબન જ્ઞાન ઉપર છે. સંયમરૂપ કઠોર તપશ્ચર્યાથી સંસારની આસક્તિ થાય અને ચારિત્ર ધર્મનો ઉદય થાય તે જ્ઞાનના ફળ છે. એ જ્ઞાન સહિત ધર્મ જ્યારે જીવનક્ષેત્રમાં અંકુરિત થાય છે ત્યારે જ ચારિત્રની ઉત્પત્તિ થાય છે. તે બહારનો આડંબર કે દેખાવ નથી, પણ તે હૃદયની એકાંત ગુફામાં રહેલી દિવ્ય શક્તિ છે એ દિવ્ય શક્તિ તે જ્ઞાનશક્તિ જ છે. એ શક્તિથી જે શક્તિમાન છે, સ્વર્ગ તેના અંતરમાં છે, તે મનુષ્ય હોવા છતાં પણ દેવતા છે, તે સંસારી છતાં સ્વર્ગવાસી છે. જૈન શાસનમાં ચારિત્રનું મહાત્મ જ્ઞાનની અપેક્ષાએ કહેલું છે. જ્યાં ચરિત્ર છે, ત્યાં આત્મ સંયમ છે, જ્યાં આત્મ સંયમ છે ત્યાં જ્ઞાન છે. જ્ઞાન સિદ્ધિનો લાભ થવાથી સમર્થ સાધકો ધર્મક્ષેત્રમાં અવતરણ કરતાં હતા, ધર્મવીર આર્હત વિદ્વાનોએ જ્ઞાન સિદ્ધિ મેળવ્યા પછી ધર્માવતારનું રૂપ ધારણ કરેલું છે અને તેઓએ આ ભારત રાજ્યમાં અવતીર્ણ થઈ જ્ઞાન ક્ષેત્રને ખીલવ્યું છે. તેમની સત્કીર્તિ અદ્યાપિ ગ્રંથ સમૃદ્ધિ સાથે પ્રસાર પામતી જોવામાં આવે છે. એ જ્ઞાનના મહોદયને સૂચવનારૂં મહાપર્વ જ્ઞાનપંચમીનું છે.

કાર્તિક માસની શુકલ પંચમી તે જ્ઞાન પંચમીને નામે પ્રખ્યાત છે. વિક્રમના અભિનવ વર્ષના આરંભમાં જ પ્રથમ જ્ઞાનની આરાધનાનું એ પવિત્ર પર્વ આવે છે. સંસારીઓને વર્ષારંભનું અને મુનિ ભગવંતોને ચાર્તુમાસ્યની સમાપ્તિની પહેલાનું એ મહાપર્વ ભારતની જૈન પ્રજા અદ્યાપિ પ્રત્યેક સ્થળે ઉજવે છે.

એ જ્ઞાનપંચમીનું પર્વ કેવી રીતે કરવું જોઈએ તે સર્વ શ્રાવક બંધુઓને જાણવું જોઈએ. તે વિષે પૂર્વાચાર્યોએ કથાના પ્રબંધોમાં સર્વવિધિ દર્શાવ્યો છે. ભારત વર્ષમાં પ્રખ્યાત થયેલા આચાર્યશ્રી વિજયસેનસૂરિજી મ.સા. ના લઘુશિષ્યે જ્ઞાનપંચમીની સુંદર કથા સંસ્કૃત ભાષામાં રચેલી છે. તેમાં એ પર્વમાં જ્ઞાનભક્તિ કરવાની વિધિ અને કથા રૂપે ઉપદેશ ઘણો સારો આપેલો છે.

પદ્મપુરના રાજા અજિતસેનને યશોમતિ નામે રાણીથી વરદત્તકુમાર થયો હતો. તે કુમારને પિતાએ ઘણા ઉપાય કર્યા પણ જ્ઞાન પ્રાપ્ત થયું નહિ અને શરીર ઉપર કોઢનો રોગ ઉત્પન્ન થયો હતો. તે જ નગરમાં સિંહદાસ નામના શેઠને ગુણમંજરી નામે પુત્રી હતી, તે પણ જન્મથી જ રોગી અને મુંગી થઈ હતી. એ અરસામાં આ.શ્રી વિજયસેનસૂરિજી નામે એક જ્ઞાનિ મુનિ આવી ચડયા. તેમને વાંદવાને રાજા અજિતસેન અને સિંહદાસ શેઠ પોતાના પરિવાર સાથે ગયા. સૂરિજીએ તેમને ધર્મની ઉત્તમ દેશના આપી અને તેમાં આ સર્વોત્તમ જ્ઞાનપંચમીના પર્વને આરાધવા ખાસ ઉપદેશ આપ્યો. તેમાં વરદત્તકુમારની મૂર્ખતા થવા વિષે પૂછતાં તે સૂરિજીએ રાજાને જણાવ્યું કે, તમારા પુત્ર વરદત્તે પૂર્વે જ્ઞાનની વિરાધના કરી છે. તેથી તેને જ્ઞાન પ્રાપ્ત થયું નથી અને તે કોઢના રોગથી પીડિત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સમયે સિંહદાસ શેઠે પોતાની પુત્રી ગુણમંજરી રોગી અને મુંગી થવાનું કારણ પૂછતાં સૂરિજીએ તેનું પૂર્વ વૃતાંત કહી સંભળાવ્યું હતું. ગુણમંજરીએ જ્ઞાનની મોટી વિરાધના કરવાથી મહાદુ:ખ ભોગવ્યું હતું. ખેટકપુરમાં જિનદેવ શેઠને સુંદરી નામે સ્ત્રી હતી. તેને આશપાલ, તેજપાલ, ગુણપાલ, ધર્મપાલ અને ધર્મસાર નામે પાંચ પુત્રો હતા તેમને જ્ઞાનાભ્યાસ કરવા પિતાએ મોકલ્યા, પણ તેઓ ચપલતાથી જ્ઞાન સંપાદન કરવામાં પ્રમાદી થાય તે સાથે પાઠશાળામાં તોફાની તરીકે પંકાયા. આથી તેના શિક્ષા ગુરૂએ તેઓને ધિક્કારી કાઢી મુકતા તેમની માતા સુંદરીએ તેઓનો પક્ષ કર્યો અને જ્ઞાનનો અનાદર બતાવ્યો. તેવી સ્ત્રીની વર્તણુંકથી તેના પતિ જિનદેવને રીસ ચડી અને કોપથી સુંદરીની ઉપર પત્થરનો ઘા કર્યો. આથી મૃત્યુ પામી તે સુંદરી ગુણમંજરી થઈ અવતરી છે. જ્ઞાનની વિરાધનાથી તે મુંગી અને રોગ પીડિત થઈ છે.

આવા સૂરિજીના વચનથી તેમને જાતી સ્મરણ થઈ આવ્યું અને તે પછી જ્ઞાનપંચમીના આરાધન માટે મુનિએ ઉપદેશ આપ્યો. વરદત્ત અને ગુણમંજરી જ્ઞાનપંચમીના આરાધનથી છેવટે ઉત્તમગતિ પામ્યા. વરદત્તનો જીવ પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરના રાજા અમરસેનનો સુરસેન નામે પુત્ર થયો તે શ્રી સીમંધર સ્વામીના ઉપદેશથી ચારિત્ર લઈ ઉત્તમ ગતિ પામ્યો. ગુણમંજરીનો જીવ મહાવિદેહ ક્ષેત્રના ઉમાવિજયમાં શુભાનગરીના રાજા અમરસિંહને ઘેર સુગ્રીવકુમાર નામે પુત્ર થયો તે છેવટે સમૃદ્ધિવાન રાજ્ય ઉપર મહારાજા થયો તેને ચોરાશી હજાર પૂત્રો થયા. જયેષ્ઠ પુત્રને રાજ્ય આપી સુગ્રીવકુમાર ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો. ઉપરના દૃષ્ટાંતથી જ્ઞાનપંચમીનું આ મહાપર્વ કેવું સર્વોત્તમ પર્વ છે તે જણાય આવે છે તે પવિત્ર પંચમી, સૌભાગ્ય પંચમીના નામે પણ ઓળખાય છે. આ પર્વનું આરાધન પ્રત્યેક માસે કરવાનું છે, પણ રોગપીડિત ગુણમંજરી ઉપવાસ કરવાને અશક્ત હતી તેથી વર્ષમાં એક દિવસ આરાધન કરવા માટે તેને કહેવામાં આવ્યું હતું. તે દિવસે પાટ ઉપર જ્ઞાન અને જ્ઞાનના ઉપકરણોની સ્થાપના કરવી. તે પછી ગુરૂવર્યની પાસે આવી તેમના ચરણ કમલમાં વંદન કરી ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ કરવા. પછી જ્ઞાન સ્થાપનાની પૂજા કરી તેની આગળ વિવિધ પ્રકારે આરાધના કરવી. તે દિવસે ઉત્તર, પૂર્વ અથવા ઈશાન તરફ બેસી *'ૐ હ્રિં નમો નાણસ્ય'* એ પદનો બે હજાર જાપ કરવો. જો પોસહ લેવાની ઈચ્છા થાય તો તે દિવસે ગણણું પ્રમુખવિધિ થઈ શકે નહિં તેથી તે પારણાના દિવસે પૂર્વોક્ત વિધિ કરવો. પારણાના દિવસે સત્પાત્રરૂપ સાધુને પ્રતિલાભી સાધર્મીવાત્સલ્ય કર્યા પછી પોતે પારણું કરવું એમ દર્શાવાયેલ છે. આ પવિત્ર પર્વનું ઉદ્યાપન પણ શાસ્ત્રમાં ઉત્તમ પ્રકારે લખેલું છે. ઉદ્યાપનના વિધિમાં પુસ્તક, રૂમાલ, પૂંઠા પ્રમુખ જ્ઞાનના ઉપકરણો પ્રત્યેક પાંચ-પાંચ ગુરૂને આપવા તેમજ પાંચ નવકારવાળી પણ અર્પિત કરવી તેમ દર્શાવેલ છે.

આ મહાપર્વનું આરાધન કરવાથી સૌભાગ્ય, રૂપ, જ્ઞાન, આરોગ્ય અને સાંસારિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય એમ શાસ્ત્રકાર દર્શાવે છે. તેથી સર્વે જૈન શ્રાવકોએ આ પર્વ અવશ્ય આરાધવા યોગ્ય છે. ભારત વર્ષમાં જન્મ લઈ જ્ઞાન સંપાદન કરવું એ જ માનવજીવનનું સાફલ્ય છે. પૂર્વાચાર્યો જ્ઞાનને માટે નીચેનું પદ ઉચ્ચ સ્વરે કહી ગયા છે.

***ज्ञानं सारं सर्व संसारमध्ये ज्ञानं***
***तत्वं सर्वतत्वेषु नित्यम् ।***
***ज्ञानं ज्ञानं मोक्षमार्ग प्रदायि तस्माय,***
***ज्ञाने पंचमी सा विद्येया ॥***

★ 'શ્રી આત્માનંદ પ્રકાશ' ના સં. ૧૯૬૧/૬૨ સને ૧૯૦૫ - ૦૬ ના પુસ્તક નં. ૩માંથી જનહિતાર્થે સાભાર.★



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાનપંચમી : જ્ઞાનની આરાધના અને ઉપાસનાનું પર્વ

જૈનોના જે અનેક પર્વો છે, તેમાં જ્ઞાનનું એક ખાસ પર્વ જ્ઞાનપંચમી - કારતક સુદ પાંચમના દિનનું એક વિશેષ મહત્ત્વ છે. જૈન ધર્મના સાધુ સંઘ માટે પુસ્તકોના પરિગ્રહનો પણ નિષેધ મનાયો છે. પરંતુ ધર્મ અને સાહિત્યના વિકાસ માટે માત્ર સ્મૃતિમાં યાદ રાખવું મુશ્કેલ જણાયું તેથી જ્ઞાન પ્રાપ્તિના સાધન તરીકે સાધુઓ માટે પુસ્તકો સંપર્ક અને પરિગ્રહ આવશ્યક જણાયો. આ વિચારથી ગ્રંથ સત્કારનો પ્રારંભ થયો અને કાર્તિક સુદ પંચમી જ્ઞાનપંચમી તરીકે જૈન ધર્મમાં જાણીતી બની. જ્ઞાનપંચમીના પર્વને જ્ઞાનના પર્વ તરીકે આરાધવામાં આવે છે. જ્ઞાનની ઉપાસના અને આરાધના માટે આ પર્વનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે પ્રાચીન-અર્વાચીન ગ્રંથોનું દેરાસરોમાં પૂજન કરવામાં આવે છે.

સમ્યગ્જ્ઞાન એ જ મોક્ષમાર્ગનો પ્રદર્શક છે. તેથી જ્ઞાની ભગવંતોએ આત્માને શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવનાર જ્ઞાનની આરાધના કરવા માટે જ્ઞાનપંચમીના પર્વની મહત્તા વિશેષ પ્રકારે બતાવેલી છે. વિદ્યાર્થી અવસ્થામાં તો ખાસ બાળકોને આ પાંચમની આરાધના કરવા જણાવ્યું છે. મા સરસ્વતીની અસીમકૃપાને આશીર્વાદ મેળવવા પાંચમની આરાધના (સુદ પાંચમ - દરેક મહિનાની) તેના પર અનોખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. કલમ, શાહી, પોથી - પાના વિગેરે ઉપકરણોની પૂજા કરવી તથા વાસક્ષેપ પૂજા, દીવોને ધૂપ પૂજા કરીને જ્ઞાનની આરાધનાનો મહિમા બતાવવામાં આવ્યો છે. એક સામાન્ય માન્યતા પ્રચારમાં આવી છે કે, જ્ઞાનની પૂજા કરવાથી અજ્ઞાનના અંધકારને દૂર કરી શકાય છે.

**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.,**

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર. ફોન :- ૨૫૧૩૭૦૨ - ૨૫૧૩૭૦૩

**-: શાખાઓ :-**

ડોન-કૃષ્ણનગર, વડવા-પાનવાડી, રુપાણી-સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર

**તા.૧-૧૨-૨૦૦૪ થી અમલમાં આવતા ડીપોઝીટ તથા ધિરાણના વ્યાજના દરો**

| **ડિપોઝીટ** | **વ્યાજના દર** |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૦ % |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૫.૫ % |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૦ % |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૭.૫ % |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦ % |
| સેવિંગ્ઝ ખાતા ઉપર વ્યાજ | ૩.૫ % |

**સિનિયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ મળશે. નિયમિત હપ્તા ભરનાર સભાસદને ભરેલ વ્યાજના ૬ % વ્યાજ રિબેટ આપવામાં આવે છે.**

| **ધિરાણ** | **વ્યાજના દર** |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| રૂા. ૫૦,૦૦૧/- થી રૂા. ૨ લાખ સુધી | ૧૨.૦ % |
| રૂા.૨,૦૦,૦૦૧ થી રૂા.૨૦ લાખ સુધી | ૧૩.૦ % |
| **N.S.C./K.V.P.** સામે રૂા.૧ લાખ સુધી | ૧૧.૦ % |
| હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી ૭૨ હપ્તાથી | ૯.૫ % |
| ૭૨ હપ્તાથી વધુ | ૧૦.૫ % |
| મકાન રીપેરીંગ રૂા.૭૫,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| સોના ધિરાણ : રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ % |

- **રૂા. ૧ લાખ સુધીની ડીપોઝીટ વીમાથી આરક્ષિત**
- **છેલ્લા ૩૫ વર્ષથી ઓડીટ વર્ગ 'અ'**
- **બેન્કની વડવા શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે**

**નિરંજનભાઈ ડી. દવે** ચેરમેનશ્રી
**વેણીલાલ મગનલાલ પારેખ** મેનેજીંગ ડિરેક્ટરશ્રી
**બળવંતભાઈ પી. ભટ્ટ** જનરલ મેનેજરશ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૧-૪-૦૫ થી તા.૩૧-૩-૦૬ સુધીનું સભાનું પાકું સરવૈયું

| ફંડ તથા દેવું | | ખા. પા. | મિલ્કત તથા લેણું | | ખા. પા. |
|---|---|---|---|---|---|
| ૨,૩૦,૯૬૧.૦૦ | પેટ્રન મેમ્બર ફી ફંડ | ૦૧ | ૩,૪૦,૦૦૦.૦૦ | પોસ્ટ ઓફિસ ટાઇમ ડીપોઝીટ | ૧૩ |
| ૧,૬૫,૧૪૦.૦૦ | શ્રી આજીવન સભ્ય ફી ફંડ | ૦૨ | ૩૭,૮૮૩.૦૦ | શ્રી જૈન આત્માનંદ ભુવન | ૧૫ |
| ૨,૪૮,૭૧૮.૦૦ | શ્રી કેળવણી સહાયક કા.અ. | ૦૪ | ૧૮,૮૩૧.૦૦ | શ્રી આત્મ કાંતિ મકાન | ૧૫ |
| ૪,૨૩૯.૦૦ | શ્રી સાધર્મિક કા.અ. ફંડ | ૦૪ | ૫૪,૬૦૧.૦૦ | શ્રી પુણ્ય ભુવન મકાન | ૧૫ |
| ૩૬૦.૦૦ | શ્રી સ્કોલરશીપ કા.અ. ફંડ | ૦૫ | ૨,૩૨,૨૫૦.૦૦ | શ્રી યુનિટ ટ્રસ્ટ CRTS | ૧૭ |
| ૧,૭૨,૧૬૨.૦૦ | શ્રી જૈન તીર્થ યાત્રાપ્રવાસ અ.ફંડ | ૦૫ | ૧,૨૩,૭૬૮.૦૦ | શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) | ૧૯ |
| ૪,૨૩૫.૦૦ | શ્રી ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૦૭ | ૧૪૦.૦૦ | શ્રી ઇલેકટ્રીક ડીપોઝીટ | ૨૦ |
| ૪૪,૫૨૦.૦૦ | શ્રી મકાન ઘસારા ફંડ | ૦૭ | ૯,૮૩૯.૬૦ | શ્રી બેન્ક ઓફ ઇન્ડિયા સેવીંગ | ૨૬ |
| ૧,૨૮,૧૧૫.૦૦ | શ્રી પુસ્તક પ્રકાશન ફંડ | ૦૭ | ૨,૨૩૫.૫૨ | શ્રી ભા. નાગરિક બેન્ક સેવીંગ | ૨૭ |
| ૧૩,૦૦૦.૦૦ | શ્રી શતાબ્દિ મહોત્સવ ફંડ | ૦૯ | ૪૯૫.૫૨ | શ્રી ભા. મર્કન્ટાઇલ બેન્ક સેવીંગ | ૨૯ |
| ૧,૫૫૩.૦૦ | શ્રી મકાન ડીપોઝીટ ખાતું | ૦૯ | ૮૯,૪૪૯.૧૫ | શ્રી યુનિયન બેન્ક સેવીંગ | ૩૦ |
| ૨,૬૮,૧૮૦.૦૦ | શ્રી જ્ઞાનભંડાર કા.અ.કોર્પસ ફંડ | ૧૧ | ૩,૨૫,૦૦૦.૦૦ | શ્રી બેન્ક ઓફ ઇન્ડિયા FDR | ૩૨ |
| ૧,૪૩,૭૧૪.૦૦ | શ્રી મકાન રીપેરીંગ ખાતું | ૬૮ | ૩,૮૫,૦૦૦.૦૦ | શ્રી યુનિયન બેન્ક FDR | ૩૩ |
| ૩,૩૬૭.૦૦ | શ્રી ઝેરોક્ષ આવક-જાવક ફંડ | ૭૩ | ૨,૦૦૦.૦૦ | શ્રી ટેલીફોન ડીપોઝીટ | ૬૬ |
| ૧,૫૧,૦૦૦.૦૦ | શ્રી જ્ઞાન જાળવણી ખાતું | ૭૪ | ૩,૩૫૬.૦૦ | શ્રી ઇન્કમટેક્ષ વ્યાજ કપાત TDS | ૭૧ |
| ૪૯,૬૩૩.૦૦ | શ્રી નફા નુકસાન ખાતું | ૪૭ | ૯.૦૦ | સરવૈયા ફેર. | ૮૧ |
| | | | ૪,૦૪૨-૦૦ | શ્રી પુરાંત તા.૩૧-૩-૦૬ | |
| ૧૬,૨૮,૮૯૭.૦૦ | | | ૧૬,૨૮,૮૯૭.૦૦ | | |

નોંધ : અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ તા. ૨૨-૭-૦૬ ભાવનગર.

જસવંતરાય સી. ગાંધી
પ્રમુખ

દિવ્યકાંત એમ. સલોત
ભાસ્કરરાય વી. વકીલ.
ઉપપ્રમુખ

મનહરલાલ કે. મહેતા
મનીષકુમાર આર. મહેતા
મનહરલાલ વી. ભંભા
માનદ્ મંત્રીઓ

હસમુખલાલ જે. શાહ
ખજાનચી

આર. એ. શેઠ એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૧-૪-૦૫ થી તા.૩૧-૩-૦૬ સુધીનું સભાનું આવક-જાવક ખાતું

| આવક | | ખા. પા. | ખર્ચ | | ખા. પા. |
|---|---|---|---|---|---|
| ૮,૮૯૨.૦૦ | શ્રી મકાન ભાડા આવક | ૨૩ | ૧૧,૧૩૦-૦૦ | શ્રી મીલકત ઘસારા ખાતે | ૦૯ |
| ૭૫,૨૯૦.૦૦ | શ્રી વ્યાજ આવક ખાતું | ૩૭ | ૨,૧૯૭.૦૦ | શ્રી ઇલે. લાઇટ બીલ ખર્ચ | ૪૦ |
| ૭૫૦.૦૦ | શ્રી આત્માનંદ પ્રકાશ જા.ખ | ૫૭ | ૧,૯૭૬.૦૦ | શ્રી વિમા ખર્ચ ખાતું | ૪૦ |
| ૫૭૬.૦૦ | શ્રી પસ્તી વેચાણ આવક | ૫૮ | ૧,૭૫૦.૦૦ | શ્રી ઓડિટ ફી ખર્ચ ખાતું | ૪૧ |
| ૩૦૦.૦૦ | શ્રી પરચુરણ ભેટ આવક | ૬૦ | ૨૪૫.૦૦ | શ્રી કાનૂની ખર્ચ ખાતું | ૪૧ |
| ૨૨,૬૪૮.૦૦ | શ્રી પુસ્તક વેચાણ આવક | ૬૧ | ૨૦૨૬.૦૦ | શ્રી ચેરીટી કમિશ્નર ફંડ | ૪૧ |
| ૪૭,૨૮૭.૦૦ | શ્રી સભા નિભાવ ફંડ | ૬૩ | ૩૯,૭૮૬.૦૦ | શ્રી વ્યાજ ખર્ચ ખાતું | ૪૨ |
| ૩,૩૫૬.૦૦ | શ્રી ઇન્કમટેક્ષ કપાત TDS | ૭૧ | ૧૩૯.૦૦ | શ્રી બેન્ક કમીશન ખાતું | ૪૩ |
| ૧૦,૦૦૦.૦૦ | શ્રી પ્રિન્ટીંગ બ્લોક વેચાણ | ૮૨ | ૪૪૨.૦૦ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતું | ૪૪ |
| | | | ૮૩૪.૦૦ | શ્રી સ્ટેશનરી/પ્રિન્ટીંગ ખર્ચ | ૪૫ |
| | | | ૪,૧૮૯.૦૦ | શ્રી દૈનિક વર્તમાન પેપર ખર્ચ | ૪૬ |
| | | | ૧૧,૪૦૨.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતું | ૪૮ |
| | | | ૪૪,૪૦૦.૦૦ | શ્રી પગાર ખર્ચ ખાતું | ૫૪ |
| | | | ૧૬,૨૭૦.૦૦ | શ્રી આત્માનંદ પ્રકાશ ખર્ચ | ૫૬ |
| | | | ૩,૭૦૦.૦૦ | શ્રી બોનસ ખર્ચ ખાતું | ૫૮ |
| | | | ૪૨૦.૦૦ | શ્રી બોણી ખર્ચ ખાતું | ૫૮ |
| | | | ૧૪૫.૦૦ | શ્રી ઇલેકટ્રીક મેન્ટેનસ ખાતું | ૬૨ |
| | | | ૩,૦૫૦.૦૦ | શ્રી ટેલીફોન બીલ ખર્ચ ખાતું | ૬૬ |
| | | | ૧૮૧.૦૦ | શ્રી ઈન્કમટેક્ષ વ્યાજ કપાત | ૭૧ |
| | | | ૨૪,૮૧૮.૦૦ | હવાલો નફા-નુકસાન ખાતે | ૪૭ |
| ૧,૬૯,૧૦૦.૦૦ | | | ૧,૬૯,૧૦૦.૦૦ | | |

## તા.૧-૪-૦૫ થી તા. ૩૧-૩-૦૬ સુધીનું નફા-નુકસાન ખાતું

ખા.પા. ૪૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૯,૬૩૩.૦૦ | બાકી દેવા<br>રૂા. ૨૪,૮૧૫ ગઈસાલના<br>રૂા. ૨૪,૮૧૮ ચાલુ સાલના<br>૪૯,૬૩૩.૦૦ તા.૩૧-૩-૦૬ | | | | |
| ૪૯,૬૩૩.૦૦ | | | | | |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી જૈન આત્માનંદ સભાના ૧૧૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે**
**શુભેચ્છા સાથે...**

**શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃ**

મા-બાપથી મોટા કોઇ ભગવાન નથી,
મા-બાપથી મોટું કોઇ તીર્થ નથી.
જે ઘરમાં છે મા-બાપના માન
તે ઘરમાં રાજી છે ભગવાન.
પૂ. જંબુવિજય મ.સાના વ્યાખ્યાનમાંથી

**જેના મિલનથી 'મા'ની અશાન્તી ટળે તે દીકરી**



**M/S. CHIMANLAL MULCHAND SHAH**

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

જનરલ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ
દાણાપીઠ-ભાવનગર-૩૬૪૦૦૧
ફોન દુકાન : ૨૪૨૮૯૯૭ / ૨૫૧૭૮૫૪
ઘર - રોહીતભાઇ : ૨૨૦૧૪૭૦
ઘર - સુનીલભાઇ : ૨૨૦૦૪૨૬
ઘર - પરેશભાઇ : ૨૨૦૨૯૩૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**કૃષ્ણનગર જૈન ઉપાશ્રય - ભાવનગર :** પૂ.મુનિશ્રી મુનિશરત્નવિજયજી મ.સા. આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં ગત તા.૧૬-૭-૦૬ ને રવિવારના રોજ શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુની જીવનયાત્રા તથા 'પ્રભુને લાગી લગન' પુસ્તકનો વિમોચન સમારોહ યોજવામાં આવેલ. આ કાર્યક્રમનો લાભ શ્રી જીરાવલા પુનમ મંડળે લીધો હતો. જ્યારે પુસ્તકનું વિમોચન ભાવનગર કલેકટર સાહેબશ્રી પ્રદિપભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે સંઘના પ્રમુખશ્રી સૂર્યકાંતભાઈ હાજર રહ્યા હતાં. બન્ને મહાનુભાવોએ ટુંકમાં પણ હૃદયસ્પર્શી પ્રવચન કર્યા હતા. આ સમારોહ શાસન પ્રભાવનાપૂર્વક સંપન્ન થયેલ.

**તપોવન - કોબા (ગાંધીનગર) :** છાત્રાલયમાં રહીને ભણતા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તા.૧૬-૭-૦૬ રવીવારે હોસ્ટેલ પર માતા-પિતાને નિમંત્રણ આપીને થાળીમાં એમના પગ ધોયા અને ત્યારબાદ એમને બેસાડીને કપાળમાં કંકુના ચાંલ્લા કરીને આશીર્વાદ માંગ્યા હતા. ૪૦૦ દીકરી, ૪૦૦ ફાધર અને ૪૦૦ મધર આમ ૧૨૦૦ વ્યક્તિઓએ તપોવનમાં પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નું વ્યાખ્યાન સાંભળીને રવિવારે આ તમામ વિધિ થઈ હતી. આ દ્રશ્યો કળિયુગમાં જોવા એ આશ્ચર્ય હતું. સીનેમા, ટી.વી. અને કલબોમાં રાચતી નવી અને જુની પેઢી વચ્ચે સંસ્કાર સિંચનની સાંકળ બનીને તપોવનમાં આ મંગલ કાર્યક્રમ યોજાયો હતો.

**સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ - પાલીતાણાનું સ્તુત્ય પગલું :** આ સંસ્થામાં રહી અભ્યાસ કરતાં શ્રી ભાવિન પ્રદિપકુમાર (જેસરવાળા) એ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૧ ટકાથી પણ વધારે માર્કસ મેળવી ઉજ્જવળ કારકીર્દી મેળવી આ સંસ્થાનું નામ પણ ગૌરવરૂપ બનાવ્યું છે. વિદ્યાર્થી ભાવિનને આગળ અભ્યાસ કરી ડોકટર થવાની ભાવના જાણી મુંબઈ સંસ્થાના ટ્રસ્ટી મંડળે ભાવનગર ખાતે મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રવેશ અપાવી તેમની ફી તથા અભ્યાસની સુવિધા કરાવી આપી. વિદ્યાર્થીના ભાવિ જીવનને નવચેતના આપી ઉમદા પગલું ભરેલ છે.

**કલ્યાણમાં ૧૫મી સ્વર્ગારોહણ તિથિની શાનદાર ઉજવણી :** શ્રી રાજસ્થાન જૈન સંઘના આંગણે પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ.પં.યુગચંદ્રવિજયજી ગણિ આદિ સાધુ-સાધ્વીજી મ.સા.ની શુભનિશ્રામાં શાસન પ્રભાવના પૂર્વક ચાતુર્માસ પ્રભાવના ચાલી રહી છે.

તા.૨૪ જુલાઈના પૂ. ગુરૂદેવશ્રી 'સૂરિરામ' ની ૧૫મી સ્વર્ગારોહણ તિથિને અનુલક્ષીને આયોજિત વિશાળ ગુણાનુંવાદ સભામાં ડઝનેક વકતાઓના વકતવ્યો, ગુરૂવિરહગીત અને ભક્તિનૃત્ય આદિ અનેક કાર્યક્રમો ઉજવાયા. ૮૦૦ થી અધિક ભાવિકોએ આ સભામાં હાજરી આપી.

તા.૨૪ થી ૨૬ જુલાઈ સમુહ અઠ્ઠમતપનું આયોજન થતાં ૧૫૦ થી અધિકલોકોએ ભાગ લીધો. ચાતુર્માસ પ્રવેશથી જ શ્રી સંઘમાં ધર્મમય વાતાવરણ છવાયું છે.

**નેમિસૂરિજી મ.સા. ના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ જૈનાચાર્યશ્રી વિજય ચંદ્રોદય સૂરિશ્વરજી મ.સા.નો કાળધર્મ :** નેમિસૂરીશ્વરજી મ.સા. ના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજયચંદ્રોદય સૂરીશ્વરજી મ.સા. તા.૯-૮-૦૬ ને બુધવારના રોજ મુંબઈ મુકામે કાળધર્મ પામેલ છે. તેમની પાલખી પૂનમના બપોરના ૨-૦૦ વાગ્યે ૧૦મી ખેતવાડીથી નીકળી હતી. તેમના નશ્વર દેહના અંતિમ દર્શન માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. મુંબઈ તથા ઉપનગરોના બધા જ સંઘોના ટ્રસ્ટીઓ, કાર્યકરો, અગ્રણીઓ અને આચાર્ય ભગવંતો પણ મોટી સંખ્યામાં તેમની અંતિમવિધિમાં હાજર રહ્યાં હતા. પૂજ્ય આચાર્યશ્રી ખેતવાડી જૈન સંઘ (પાવાપુરી જૈન મંદિર)માં બિરાજમાન હતા. અને ત્યાં કાળધર્મ પામ્યા હતા. અગ્નિદાહનો લાભ સુરતના શાંતિભાઈ ઝવેરી અને રજનીભાઈ ઝવેરીના પરિવારોએ લીધો હતો. તા.૧૩ ઓગષ્ટના ગોડીજી દેરાસરમાં ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં શહેર બધા જ આચાર્યમાં ભગવંતોએ હાજરી આપી હતી.

**ભાવનગર શહેરમાં પર્યુષણ પર્વની શાસન પ્રભાવક આરાધના :** ભાવનગર જૈન શ્વ.મૂ.પૂ. તપાસંઘમાં બિરાજમાન પ.પૂ.આ.શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. તેમજ શહેરના વિવિધ ઉપાશ્રયોમાં બિરાજમાન પૂ.સાધુ - સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધનાઓ સુંદર રીતે દરેક વિભાગમાં થઈ હતી.

ભાવનગર જૈન સમાજમાં થયેલી જુદી-જુદી તપશ્ચર્યા અને તપસ્વીઓની સંખ્યા આ પ્રમાણે હતી. ૪ થી ૭ ઉપવાસ - ૨૨, અઠાઈ - ૧૮૨, ૯ થી ૧૪ ઉપવાસ - ૨૧, ૧૫ થી ૨૯ ઉપવાસ ૧૫, ૩૦ (માસક્ષમણ) ૮, અક્ષયનિધિ ૧૭૬, આ પ્રમાણે કુલ ૪૨૩ તપશ્ચર્યાઓ શાસન પ્રભાવનાપૂર્વક થઈ હતી.

તપસ્વીઓનો વરઘોડો તા.૩-૯-૦૬ ના રોજ સવારે ૮-૩૦ કલાકે મોટા દેરાસરજીથી ચડી શહેરના મુખ્ય માર્ગો પર થઈને મોટા દેરાસર ઉતરેલ.

અનેરા આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પર્વાધિરાજ પર્યુષણના મહામાંગલિક દિવસો સંપન્ન થયા હતા.

**ઝવેરીવાડ (અમદવાદા) જૈન સંઘમાં પર્યુષણ પર્વની અપૂર્વ આરાધના :** પ.પૂ. મુનિરાજશ્રી વાત્સલ્યદીપવિજયજી મ.સા. આદિની શુભ નિશ્રામાં અત્રે પર્યુષણ પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી. પૂ. શ્રી લિખીત 'ભગવાન મહાવીરની આગમવાણી' પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ.

**શ્રી વર્ધમાન જૈન મંડળ - ચેન્નઈ :** મંડળના સભ્યશ્રી વિપીન રીખવચંદ આ વર્ષે આફ્રિકાના દાહીરેસેલમ શહેરમાં તથા ભારતમાં રત્નગિરિ, શોરાપુર, મુદ્દેબિહાલ, પાંડેચરી, તનુકુ, અમલાપુરમ, ગુના, હિંગનઘાટ, નરસિંહપુર, કોલર, ખાનાપુર, કાંચીપુરમ, આરકોણમ, આદિ ૨૩ ક્ષેત્રમાં મંડળના સભ્યશ્રીઓ પર્યુષણ પર્વની આરાધનાર્થે ગયા હતા.

**મુંબઈ - પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા. કાળધર્મ પામ્યા :** મોહનસૂરિજી સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ.સા. (ઉ.વ.૯૨) મુંબઈ મુકામે કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી 'સાહિત્ય કલારત્ન'ની પદવીથી વિભૂષિત હતા. જૈન સાહિત્ય જગતમાં તેમનું ઉંચેરૂ સ્થાન હતું. પૂજ્યશ્રીના કાળધર્મથી જૈન સમાજને એક ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

**બાલી (રાજ.) અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાયો :** પૂ.આ.શ્રી વલ્લભસૂરિજી મ.સા. ના સમુદાયના વડિલ અધ્યાત્મયોગી સર્વધર્મ સમન્વયી પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયજનકચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના સમાધિપૂર્વક કાળધર્મ નિમિત્તે પૂ.મુનિશ્રી જયકીર્તિવિજયજી મ.સા. આદિ સાધુ-સાધ્વીજી મ.સા.ની શુભ નિશ્રામાં બાલીનગરે તા.૩૦-૮-૦૬ થી તા.૬-૯-૦૬ દરમ્યાન અષ્ટાન્હિકા મહોત્સવની શાસન પ્રભાવનાપૂર્વક ઉજવણી કરવામાં આવેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભારત જૈન મહામંડળ - ભાવનગર શાખા :** દ્વારા તાજેતરમાં સમસ્ત જૈન ચતુર્વિધ સંઘ પ્રેરિત સાહિત્યકારોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. તેમજ વિશ્વમૈત્રી દિનની સાથો - સાથ ઉજવણી કરવામાં આવી હતી.

બહેરા મુંગા શાળા મહાવીર ઓડિટોરિયમ ખાતે યોજાયેલ સમારોહ દરમિયાન ડો.કુમારપાળ દેસાઈ, ડો.જીતુભાઈ શાહ, ડો.બળવંત જાની તેમજ ડો.ધનવંત શાહનું સન્માન કરવામાં આવ્યું. જ્યારે બીજા દિવસે સવારે ક્ષમાપના પર્વ તેમજ વિશ્વમૈત્રી દિનની ઉજવણી દાદા સાહેબ આરાધના હોલ ખાતે કરવામાં આવી હતી. આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા., આ.શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા., મુનિશ્રી મુનિશરત્નવિજયજી, ગુરૂ ભગવંત સરદાર મુનિના આશિર્વચન સાથે શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘ, દિગંબર જૈન સંઘ, સ્થાનકવાસી જૈન સંઘના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી સમગ્ર જૈન સમાજની એકતા ઉપર ભાર મુકયો હતો અને ભગવાન મહાવીરે ચીંધેલા સત્ય અને અહિંસાના માર્ગ ઉપર આગળ વધવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે ડો.ભીમાણી સાહેબે સંસ્થાના પ્રમુખ સ્થાનેથી સૌનું સ્વાગત કર્યું હતું. સમારોહના આ સુવર્ણ અવસરે ચતુર્વિધ સંઘના વિશાળ મહાનુભાવોએ હાજર રહી જૈન શાસનનો જય જયકાર બોલાવેલ.

**ધાર્મિક શિક્ષક ડાયાલાલ માસ્તરનું નિધન :** પીઠ ધાર્મિક શિક્ષક તરીકે માન-સન્માન પામેલ શિક્ષક ડાયાલાલ રતિલાલ મહેતાનું ૭૫ વર્ષની વયે તા.૧૨-૯-૦૬ ના રોજ નિધન થતાં સમગ્ર જૈન સમાજમાં દુ:ખની લાગણી પ્રસરી છે.

ભાવનગર શહેરના કૃષ્ણનગર ખાતે ઋષભ એપાર્ટમેન્ટમાં રહેતા ડાયાલાલ માસ્તરે જૈન સમાજની ત્રણ-ત્રણ પેઢીને ધાર્મિક શિક્ષણ આપ્યું છે. એટલું જ નહીં તેઓએ કેટલાંક સંતો - મહંતોને પણ પોતાના જ્ઞાનનો અમીરસ પાયો હતો. તેઓશ્રીના નિધનથી ભાવનગરના સમગ્ર જૈન સમુદાયમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## : શોકાંજલિ :

આપણી સભાના સભ્યશ્રી વિનોદરાય ગુલાબચંદ શેઠ (ઉ.વ. ૬૮) સાવરકુંડલાવાળા ગત. તા.૬-૯-૦૬ ને બુધવારના રોજ ભાવનગર મુકામે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સ્વર્ગવાસી થયેલ છે.

સ્વ.શ્રી વિનોદરાય ગુલાબચંદ શેઠે 'જૈન' પત્રનું ઘણા વર્ષો સુધી સંચાલન કરેલ. તેમજ જૈન ધર્મના અનેક પુસ્તકોના પ્રકાશનમાં તેમણે મહત્વનો ભાગ ભજવેલ. જેમાં જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ ૧ થી ૫ના પ્રકાશનકાર્યમાં તેમણે અથાગ પરિશ્રમ ઉઠાવેલ. આ સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત મમતા અને લાગણી ધરાવતા હતા.

તેઓશ્રીના દુ:ખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ આ દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લી. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.

## સરનામાં ફેરફાર બાબત

સર્વે વાચક બંદુઓને નમ્ર વિનંતી કે આપશ્રીને મોકલતાં **'શ્રી આત્માનંદ પ્રકાશ'** માં આપના સરનામામાં ફેરફાર હોય તો લેખીતમાં મોકલશો. છાપેલ એડ્રેસની કાપલી ઉપર આપનો ગ્રા.નં. લખેલ છે. તે નંબર અથવા કાપલી સાથે સરનામું લખીને પત્ર વ્યવહાર કરવો. સહકારની અપેક્ષા સાથે.

: શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિષય વાસના ત્યાગો ચેતન ! સાચે મારગે લાગો

લેખક : પ્રાતઃસ્મરણીય જૈનાચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુ - જયઘોષસૂરીશ્વર આજ્ઞાનુકારી પંન્યાસ ભુવનસુંદરવિજય મ.

(ગતાંકથી ચાલુ....)

માટે જ કહ્યું..

''વિષયવાસના ત્યાગો, ચેતન ! સાચે મારગે લાગો'' કામને (Sex) આશ્રયિને ૬ પ્રકારના પુરૂષોનું (વ્યક્તિ=સ્ત્રી કે પુરૂષ) વર્ણન શ્રી મહાનિશીથ સૂત્રમાં આ મુજબ કર્યુ છે.

(૧) સર્વોત્તમ - ઉત્તમ :- આ પ્રકારના પુરૂષો (સાધુ-સાધ્વી)ને કોઈ યુવાન સ્ત્રી ગાઢસ્પર્શ કરીને એકસો વર્ષ સુધી રહે છતાં પણ તેમના મનમાં જરા સરખો પણ વિકાર જાગે નહીં. તેમનું એક રૂંવાડું પણ ફરકે નહીં. આવા આત્માઓને 'સર્વોત્તમ ઉત્તમ' કહ્યાં છે. છદ્મસ્થ વીતરાગ, ૧૪ પૂર્વધર ક્ષપકશ્રેણિમાં ૧૨માં ગુણસ્થાન કે હોય ત્યારે અને કેવલજ્ઞાની-વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર એ સર્વોત્તમ ઉત્તમ આત્માઓ છે. તેઓને ક્યારેય કામવિકાર ઊઠતો જ નથી. કહ્યું છે કે :-

*चित्रं किमत्र यदि ते त्रिदशांगनामि,*
*नींतं मनागपिमनो न विकार मार्ग,*
*कल्पान्तकाल मरुता चलिताचलेन,*
*किं मन्दशद्रिशिखरं चलित कदाचित् ?*

**અર્થ :- *હે વીતરાગ !*** આપની સામે અપ્સરાઓ - દેવાંગનાઓ ઊભી રહે છે, નાટક-ચેટક-હાવભાવ-નૃત્ય આદિ કરે છે. છતાં આપનું મન જરા સરખું વિકારવાળું બનતું નથી. કલ્પાંતકાળનો વંટોળિયો મોટા મોટા પર્વતોને હલાવી નાંખે છે, પણ શું તે મેરૂ પર્વતને ચલાયમાન કરવા સમર્થ બને છે ? ના

કહ્યું છે કે :-

*નિરખીને નવ યૌવના, લેશ ન કામ વિકાર,*
*ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.*

આવા ઉત્તમ કક્ષાના આત્માઓ આ જ ભવે નિયમા મોક્ષે જનારા છે.

(૨) ઉત્તમોત્તમ :- બીજા પ્રકારના ઉત્તમોત્તમ આત્માઓ (સાધુ કે સાધ્વી) એવા છે કે તેમની સામે કોઈ કામુક યુવતી સામેથી ચઢી આવે તો તેને જોઈ ક્ષણભર તેઓ તેની અભિલાષા વાળા બને છે. પરંતુ ક્ષણવારમાં તુરત જ સાવધાન બની પોતાના આત્માની નિંદા-ગર્હા કરી, ફરીથી ક્યારે પણ તેણીને મનથી પણ ન ઈચ્છે.

૧૦ પૂર્વધર, ૧૪ પૂર્વધર મહાત્માઓ અને અપ્રમત્ત ૭માં ગુણ સ્થાનકે રહેલા મુનિઓ આ પ્રકારમાં આવે છે. તેઓ નિયમા શિવગતિ અથવા સદ્ગતિમાં જનારા હોય છે.

(૩) ઉત્તમ :- ત્રીજા પ્રકારના આત્માઓ ઉત્તમ છે. આ પ્રકારના સાધુ-સાધ્વીઓ ક્ષણ કે મૂર્હુત સુધી સામેથી ચડી આવેલા કામુક વિજાતીયને જુએ અને એમને મનથી કામની અભિલાષા થાય પણ તેઓ પ્રાણાન્તે પણ અનાચાર સેવેજ નહીં. કારણ કે આ સાધુ-સાધ્વી મહાવ્રતની પ્રતિજ્ઞાધારી છે. વ્રતને પ્રાણના ભોગે પણ પાળનારા છે. કહ્યું છે કે :-

***वरं प्राण परित्यागो, न तु शीलस्य खंडनम् ।***
***प्राणत्यागे क्षणं दुःखम्, नरकः शीलखंडने ॥***

**અર્થ :-** પ્રાણ ત્યાગ કરવા સારા પણ શીલનું ખંડન કરવું સારૂં નહીં. કારણ કે પ્રાણના નાશમાં ક્ષણવારનું દુઃખ છે. જ્યારે શીલખંડન કરવાથી અસંખ્યકાળ સુધીના નરકના દુઃખો મળે છે.

આ પ્રકારના ઉત્તમ આત્માઓ નિયમા સદ્ગતિમાં જનારા છે. જે પુરૂષ કામવિકારના અવસરે-સુંદરરૂપ સામે આવે છતાં વિષયના વિકારમાં ન પડે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વાસ્તવમાં મહાન છે, ઉત્તમ છે, શ્રેષ્ઠ છે. ભકત કવિ નરસિંહ મહેતા કહે છે :- 'પરસ્ત્રી જેને માત રે'

ભણે નરસૈયો તેનું દરિશન કરતાં,
કુળ ઈકોતેર તાર્યા રે.

પરસ્ત્રીમાં જે 'માતા'નો વિચાર રાખે છે. તે વ્યક્તિ આ કાળનો મહાસજ્જન છે. અને એવી સ્ત્રી કે જે અનાચારના અવસરે પણ અનાચારમાં જરા પણ પડતી નથી, તેને શાસ્ત્રકારોએ અમ્બા, પદ્મા, સરસ્વતી એવા ઉત્તમ વિશેષણોથી અનુમોદના કરી છે. આવી સ્ત્રીઓ વંદનીય છે, પૂજનીય છે, સ્લાઘનીય છે. જેના નામ લેવાથી પાપના અનુબંધો નાશ પામે છે. કહ્યું છે કે :-

***''जेसि नामग्गहणे पावप्पबंधी विलिज्जंति''***

શ્રી ઉપદેશમાળા શાસ્ત્રમાં લખ્યું છે કે :-

***तो पढियं तो गुणियं, तो मुणियं तो अ चेइऔ अप्पा ।***
***आवडिय-पेल्लियामंतिओऽवि, जइ न कुणइ अकज्जं ॥६४॥***

અર્થ :- તો તેનું ભણેલું સાચું ભણેલું છે. તો તેનું જાણેલું સાચુ જાણેલું છે. તો તેનું ગણેલું સાચું ગણેલું છે, તો જ તેણે પોતાના આત્માને બોધ આપી ચેતવ્યો - સાવધાન કર્યો કહેવાય, જો તે વ્યક્તિ અનાચાર કરવાના પ્રસંગમાં આવી પડી હોય, કોઈએ અનાચાર માટે નિમંત્રણ આપ્યું હોય, છતાં પણ અનાચાર ન જ કરે તે ન જ કરે.

<u>(૪) વિમધ્યમ :-</u> આ વ્યક્તિ પોતાના પરણેત્તર પુરૂષ કે સ્ત્રી સાથે વિષયસેવન કરે છે, પણ પરપુરૂષ કે પરસ્ત્રી સાથે કુકર્મ અનાચાર કરતી નથી. આ વ્યક્તિ આવા વિષય સેવન બાદ જો ઉગ્ર બ્રહ્મચારી પણું પ્રાપ્ત કહે નહીં, તો તેવા પ્રકારના ભોગવિલાસના ચીકણા અધ્યવસાયને કારણે અનંત સંસારી પણું પ્રાપ્ત કરે છે. અથવા બ્રહ્મચર્યપણું પ્રાપ્ત કરે, જીવદયા આચરે, સરળ પરિણામ ભાવે, બ્રહ્મચર્યનિષ્ઠ એવા સાધુઓની સેવા કરે - ધર્મમાં સહાયક બને, તપ આદિ કરે, વ્રત-નિયમોને પાળે, તીર્થયાત્રા કરે તો અનંતસંસારી પણું નથી પણ થતું.

એટલે કે વિમધ્યમ જીવોના અનંત સંસારી પણામાં ભજના છે એટલે કે તેઓનું અનંત સંસારી પણું થાય પણ ખરૂં અથવા ન પણ થાય. શાસ્ત્રમાં મોહનીય કર્મના ૩૦ સ્થાનો વર્ણવ્યા છે. તેમાંથી એક સ્થાન છે - મોટી ઉમરે - વૃદ્ધાવસ્થામાં પણ કામભોગ ન છોડવા. આવી વૃદ્ધવ્યક્તિઓ ભોગવિલાસમાં ચીકણા કર્મબંધ કરી અનંત સંસાર ઉપાર્જન કરે છે.

અને, જો ભોગવિલાસ છોડે છે - તો દેવલોક આદિ સદ્ગતિની પ્રાપ્તિ પણ કરે છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં લખ્યું છે કે :-

***पच्छावि ते पयाया, खिप्पं गच्छन्ति अमर भवणाइं ।***
***जेसि पिओ तओ संजमो, खंति अ बंभचेर च ॥***

**અર્થ :-** પાછલી ઉમરમાં એટલે કે વૃદ્ધાવસ્થામાં પણ જે તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્યને વહાલા કરે છે. આ ચાર પ્રાપ્ત કરવા યથાકિત પ્રયત્ન કરે છે. તેને શીઘ્ર દેવલોક રૂપી સદ્ગતિની પ્રાપ્તિ થાય છે.

<u>(૫) અધમ :-</u> આવા જીવો સ્વસ્ત્રી સાથે તો અનેક પ્રકારે ભોગ વિલાસ કરે જ છે. અને વૃદ્ધાવસ્થામાં પણ સ્વસ્ત્રી સાથે સંયમ રાખતા નથી. અને પર સ્ત્રી સાથે પણ અનાચાર કરે છે. આવા જીવો નિયમા અનંત સંસારી છે. પર સ્ત્રી સાથે અનાચાર કરવા છતાં પણ આવા જીવો ચારિત્રવાન સ્ત્રી કે સાધ્વી સાથે અનાચાર કરતા નથી.

<u>(૬) અધમાધમ :-</u> આવા જીવો પરસ્ત્રી સાથે તો અનાચાર કરે છે, પરંતુ સાધ્વી કે ચારિત્રવાન સ્ત્રીઓને પણ છોડતા નથી. આવા જીવો અનંત સંસારી તો છે જ પણ તેઓ પોતાના બોધિબીજનો નાશ કરી નાખે છે. પછી અનંત અનંત કાળ સુધી જૈનપણું પ્રાપ્ત થતું નથી.

કહ્યું છે કે :- 'પરદારા સેવી પ્રાણી નરકમાં જાએ, દુર્લભબોધિ હોય પ્રાયઃ રે,



For Private And Personal Use Only

સાધવી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છૂટકારો કદીય ન થાય રે.'

આ પ્રમાણે ૬ પ્રકારના પુરૂષો જાણી આપણે ઉત્તમ - ઉત્તમ ઉત્તમ બનવા પ્રયત્ન કરીએ એજ શુભાભિલાષા. સુભાષિતમાં કહ્યું છે કે :-

*मुक्तिमिच्छसि चेत् तात ! विषयान् विषवत् त्यज ।*
*अहिंसा ब्रह्मचर्यं च सत्यं, पियुषवत् भज ॥*

અર્થ : હે ભાઈ ! જો તું મોક્ષ-મુક્તિ ઈચ્છતો હોય તો વિષયોને ઝેર જેવા માની છોડ, અને અહિંસા, બ્રહ્મચર્ય તથા સત્યનો અમૃતની જેમ આદર કર.

(આ સંપૂર્ણ લેખમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈપણ લખાયુ હોય તો મિચ્છામિદુક્કડમ્)

## …ધર્મના પરિપ્રે…
## …દયા અને શા…

સહ અસ્તિત્વનો સિદ્ધાંત જૈનધર્મનો પાયો છે. જીવો અને જીવવા દો, અહિંસા, કરૂણા અને દયાનો ધર્મના અવિભાજ્ય અંગરૂપે સ્વીકાર થયો છે.

જૈનધર્મમાં ગાયો અને ગૌવંશની જાળવણીને પ્રથમથી જ મહત્ત્વ આપવામાં આવેલ. ભગવાન મહાવીરના શ્રાવકો આનંદ-કામદેવ ચૂલની પિતા ચુલણિ શતક, કુંડકૌલક સુરાદેવ મહાશતક વિ. પાસે મોટી સંખ્યામાં ગોકુલો હતા. ગૌરક્ષા માટે પૂ.વિજયસેન, પૂ.હરિવિજયજી, પૂ.શાંતિદાસમુની જાણીતા હતા. જીવદયાના ક્ષેત્રે કુમારપાળ અને પૂ.હેમચંદ્રાચાર્યનું અનન્ય કાર્ય હતું.

ગૌરક્ષા-પશુરક્ષા પાંજરાપોળના ક્ષેત્રે જૈનોનું મોટું યોગદાન છે. પશુચિકિત્સાલયો, પાંજરાપોળનો જમીનના મહત્તમ ઉપયોગ દ્વારા તેને પગભર બનાવવી, નીરણ કેન્દ્રો, ચરિયાણોને ગૌચરના રક્ષણનું કાર્ય, ગૌ પેદાશો અંગે સંશોધન કેન્દ્રો, કુતરાને રોટલો, કબુતરને ચણ, પક્ષીઓના સારવાર કેન્દ્રો કુતરાને સરકારી ઈલેકટ્રોકટીંગ કેન્દ્રમાં જતાં બચાવી વસ્તી નિયંત્રણ ઓપરેશન કરાવવાનું કાર્ય જૈનો જીવદાય દ્વારા કરે છે.

રાસાયણિક ખાતરને બદલે સેન્દ્રિય ખાતર દ્વારા સજીવ ખેતીની જૈનો હિમાયત કરે છે. જીવદયાને માત્ર જૈનોની કુળદેવી ન ગણતા માનવધર્મના મંદિરમાં જીવદયાની પ્રતિષ્ઠા કરતાં વિશ્વમૈત્રીના દર્શન થશે.

માનવો માટે માંસાહાર સુસંગત નથી. માનવ શરીરની રચના બતાવે છે કે તે શાકાહારી પ્રાણી છે.

અસદ્ આહારના પરિણામે દેહસ્થ સપ્તધાતુ અને અંતસ્ત્રાવી ગ્રંથિઓમાં રાસાયણિક પરિવર્તન થાય છે. તેનાથી શારિરીક અને માનસિક વિપરિત અસરો થાય છે. કારણે મનમાં વિકૃતિ પેસે છે. મનનું ચાંચલ્ય, ચિત્તવિકાર કષાય આદિભાવો જેવા કે ક્રોધ, ઈર્ષા, પ્રકોપ, તીવ્ર લાલસા, નિંદ્રા-પ્રેમ, વિગેરે વિકૃતિથી મનુષ્ય બહારથી અને અંતરમનથી ખળભળી ઉઠે છે. માંસાહારથી કુદરતી સંપત્તિનો વ્યય થાય છે. અને પર્યાવરણનું અસંતુલન થાય છે. પૃથ્વી પર કંપનો થવાની શકયતા હિંસા અને કતલથી વધે છે.

શાકાહારનો વિચાર અને આચાર માત્ર પેટ ભરવા માટે નહિં પરંતુ લોહીની નદીઓ બંધ કરવા માટે છે. ક્રુરતાને બદલે વાત્સલ્ય પ્રેમ અને કરૂણાના સંસ્કાર માટે છે. વ્યક્તિગત કુટુંબ જીવન અને રાષ્ટ્રની સુખશાંતિ માટે છે. વર્તમાન જીવન સમાધિમય બનાવવાને અને પરલૌકિક હિત માટે છે.

શાકાહાર અને જૈનાહારમાં ફરક છે. શાકાહારમાં પણ જૈનો કાંદા-બટાટા, ગાજર, મૂળા જેવા અભક્ષ્ય ગણ છે. જીવન શૈલીની સાત્વિકતા અને જીવદયાને કારણે અનંતકાય અભક્ષ્યનો આહાર જૈનો કદી કરતા નથી.

'જૈનધર્મ'માંથી સાભાર - રજુ. મોદીભાઈ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત અઢારમો જૈન સાહિત્ય સમારોહ તા.૭-૮-૯ સપ્ટેમ્બર - ૨૦૦૬

: મનહરલાલ કે. મહેતા

આ સમારંભ હીરાલક્ષ્મી મેમોરીયલ ફાઉન્ડેશન (આશાપુરા ગ્રુપ) ના સૌજન્યથી ભાવનગરમાં ખી.લ. બહેરા મુંગા શાળા વિદ્યાનગર ભાવનગરના શ્રી મહાવીર ઓડિટોરિયમમાં રાખવામાં આવેલ.

ત્રણ દિવસના આ જૈન સાહિત્ય સમારોહની તમામ બેઠકોનું સંચાલન ડો.ધનવંતભાઈ ટી.શાહે સંભાળેલ.

કુલ પાંચ બેઠકો અને સાંજ પછીના અલગ કાર્યક્રમોનું આયોજન થયું હતું.

પ્રથમ બેઠકના પ્રમુખ ડો.કુમારપાળભાઈ દેસાઈ અને અતિથિ વિષેશ ભાવનગર જીલ્લા કલેકટર અને અનંતભાઈ શાહ (બબાભાઈ) હતા. જેનો વિષય ડો.રમણભાઈ શાહના વ્યક્તિત્વ અને સાહિત્ય વિષે વિવિધ વિદ્વાનોનું વકતવ્ય હતું. ઉદ્‌બોધન ડો.કુમારપાળ દેસાઈ, ડો.જીતેન્દ્રભાઈ બી. શાહ (અમદાવાદ), ડો.બળવંતભાઈ જાની (રાજકોટ), ડો.કલાબેન શાહ, ડો.હંસાબેન શાહ, પ્રા.તારાબેન ર. શાહનું (બધાજ મુંબઈ)નું હતું.

બીજી બેઠક વિદ્યાનગર જૈન ઉપાશ્રયમાં પૂ.પ્રદ્યુમ્નસૂરિ મહારાજ સાહેબની આગમવાચનાથી થઈ હતી. તેથી જૈન શાસનમાં આગમોનું મહત્ત્વ શું છે એ સમજવાનો નવો દ્રષ્ટીકોણ જોવા - સમજવા મળ્યો, ડો.જીતેન્દ્રભાઈ બી.શાહના જૈનયોગ વિષેનું વ્યાખ્યાન અને અઠયાવીશ નિબંધો વિદ્વાનો દ્વારા પ્રસ્તુત કરાયા હતા.

ત્રીજી બેઠક પદ્મશ્રી ડો.કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને જૈન પત્રકારિત્વ વિષયક હતી, જેમાં પત્રકારત્વના શુષ્ક દેખાતા વિષયને પણ તેમણે રસપ્રદ બનાવ્યો હતો. જેમાં નિબંધો રજુ કરાયા હતાં.

ચોથી બેઠક વિદૂષી તારાબેન ર. શાહના પ્રમુખ સ્થાને અને અતિથિ વિષેશ ભાવનગરના ડો.પ્રફુલ્લાબેન વોરા હતા. આ બેઠકમાં જૈન સાહિત્ય વિષે જેમનું આગવું પ્રદાન છે તેવા ભાવનગરના ડો.માલતીબેન શાહએ શ્રી આનંદઘનજી અને શ્રીયશોવિજયજીના પ્રદાનની સુંદર તુલના કરી હતી. તારાબેનનું અષ્ઠ પ્રતિહાર્યોનું મહત્ત્વ એક નવી જ દ્રષ્ટીથી માણવા મળ્યું તથા જુદાજુદા વિષયોના દસ શોધ નિબંધો વંચાયા. ડો.પ્રફુલ્લાબેન વોરાનું ટુંકુ પણ મનનીય વકતવ્ય હતું.

પાંચમી સમાપન બેઠકનું પ્રમુખસ્થાન ડો.બળવંતભાઈ જાની (રાજકોટ)એ સંભાળેલ અને અતિથિ વિષેશ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સેક્રેટરીશ્રી કાંતીભાઈ હતા.

આ સમાપન બેઠકમાં ડો.બળવંતભાઈ જાની એ બધી જ બેઠકોનું વિહંગાવલોકન કરી બેઠકની ફળશ્રુતિ શું પ્રાપ્ત થઈ તે બતાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ફીઝાબહેનની જીવદયા વિષયક પ્રવૃત્તિ ધ્યાનાકાર્ષક રહી. શ્રોતાઓએ પોતાના પ્રતિભાવ તથા સૂચનો આપેલ હતા.

મહાનુભાવોના સન્માનમાં શ્રી નવનીતભાઈ શાહ (આશાપુરા ગ્રુપ) એ સુંદર વાત કહી, પી.એચ.ડી.ની થીસિસનું શું થાય છે ? એમને એમ પડી રહે છે ? ના, તેને છપાવવી જોઈએ, બધી યુનિવર્સિટીમાં મોકલવી જોઈએ અને આ માટે પોતે અનુદાન આપશે તેમ જણાવ્યું હતું.

પ્રથમ બેઠકમાં શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખશ્રી જસવંતરાય ચી. ગાંધી અને મંત્રીશ્રી મનહરભાઈ કે. મહેતા એ હાજરી આપવા ઉપરાંત મંત્રીશ્રી મનહરભાઈ એ બધી જ બેઠકમાં હાજરી આપી હતી. બહાર ગામથી પધારેલ બધા જ



For Private And Personal Use Only

મહેમાનોને સંસ્થાની મુલાકાતે પધારવા આમંત્રણ પાઠવેલ.


આ સમારોહની વિષેશતા એ હતી કે જે નિબંધો રજુ થયા તેમાં ૮૦ ટકા નિબંધો બહેનોના હતા. જે બધા જ હાથે લખેલ હતા. ટાઈપ કે કમ્પ્યુટરનો ઉપયોગ ન હતો.


ભાવનગરમાંના શ્રી જૈન આત્માનંદ સભા, જૈન ધર્મ પ્રસારક સભા અને યશોવિજય ગ્રંથ ભંડાર આ સંસ્થાઓ જૈન ધર્મના ગ્રંથો પ્રસિદ્ધ કરે છે. જેનો ઉલ્લેખ સમારોહ દરમિયાન થતો હતો. પરંતુ ત્રણ પૈકી કોઈ સંસ્થાના ટ્રસ્ટીઓને આમંત્રણ ન હતું, ફક્ત આત્માનંદ સભાના મંત્રીને આમંત્રણ મોકલાયું હતું. જેની સખેદ નોંધ લઈ વીરમું છું. અસ્તુ.

## જ્ઞાન - ક્રિયાથી મોક્ષ મળે છે

મોટાનગરમાં ભયંકર આગ લાગી છે. ત્યાં એક દેખતો માણસ છે પણ એ પગ વગરનો છે તેથી એને આગમાંથી બહાર નીકળવાના માર્ગની ખબર હોવા છતા ક્રિયા વગર એ નગરમાંથી બહાર નીકળી શકતો નથી. બીજો એક સુરદાસ છે, એ આગવાળા નગરમાંથી બહાર નીકળવા દોડે છે પણ સાચા માર્ગની જાણ ન હોવાથી જ્ઞાનના અભાવે ક્રિયાનું ફળ પામતો નથી. જ્ઞાન અને ક્રિયા એ બન્ને એક બીજાની અપેક્ષાવાળા છે અને મોક્ષના સાધન છે. રથ બે પૈડાથી ચાલી શકે છે એક પૈડાથી નહી. જ્ઞાન અને ક્રિયા બન્ને સાથે રહીને ઈચ્છિત પ્રાપ્તિ કરી શકે છે.

પં. શ્રી ગુણસુંદરવિજયજીગણિ.





Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર જૈન શ્વે. મૂ. તપા. સંઘના ઉપક્રમે યોજાયેલી ગુણાનુવાદ સભા સકલ સંઘના કાર્યોમાં જીવન વ્યતિત કરનાર જૈનાચાર્યના કાળધર્મથી મોટી ખોટ પડી છે

જૈનાચાર્ય શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. જૈન શાસનના ચમકતા સિતારા હતા. ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘના ઉપક્રમે તા.૧૩-૮-૦૬ ના નૂતન ઉપાશ્રયે પૂ.આ.શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મ.સા., પૂ.આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.સા. આદિની શુભ નિશ્રામાં પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભામાં સમસ્ત ભાવનગરમાં બિરાજમાન પૂ. સાધુ - સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા. સભાનું સંચાલન શ્રી મનીષભાઈ કનાડિયાએ કર્યું હતું.

પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. એ પોતાના વકતવ્યમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનમાં રહેલા નિખાલસતા/સરળતા/નિપુણતા તેમજ સાહસિકતા વગેરે ગુણો વર્ણવ્યા હતા. ગમે તેવા અઘરા કાર્યો હોય તેઓ કદી હિંમત હારતા નહિ અને તે કાર્ય કરીને જ રહેતા. અંજનશલાકા અને પ્રતિષ્ઠા તો એમના જીવનમાં વણાઈ ગયા હતા. ૧૬ વર્ષની વયે સંયમ સ્વીકારી ૬૨ વર્ષના દીક્ષા પર્યાયમાં શ્રી સંઘના અગણિત કાર્યો કરીને જીવન ધન્ય બનાવ્યું હતું.

પૂ.આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.સા. એ જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ આચાર્યશ્રીથી ભાવનગરનો સંઘ સારી રીતે માહિતગાર છે. અહીં તેમણે અનેક ઐતિહાસીક કાર્યો કર્યા છે. એમના જીવનમાં થાક શું કહેવાય એ એમણે કદી કળાવા દીધું નથી. તેઓના જીવનમાં વિનોદવૃત્તિ પણ એવી હતી. વાતો એવી ખૂબીથી કરતાં કે સાંભળનારા પેટ પકડીને હસે. કોઈ એવા મોટા શહેર નહી હોય કે જેમાં તેમણે અંજન શલાકા/પ્રતિષ્ઠા કરાવી ન હોય. તેમના વડિલબંધુ પૂ.આ.શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મ.સા. નો એમના દરેક કાર્યોમાં પૂરેપૂરો સહયોગ રહેતો.

ભાવનગર જૈન સંઘના પ્રમુખશ્રી સૂર્યકાંત રતિલાલ શાહે પૂ. આચાર્યશ્રીએ ભાવનગર જૈન સંઘ ઉપર કરેલા ઉપકારોનું વર્ણન કરી અહીં થયેલા ૮૦૦ સિદ્ધિતપ વિશ્વરેકોર્ડ સર્જ્યાનું જણાવ્યું હતું. આવા શાસન પ્રભાવક આચાર્યશ્રીની વિદાયથી જૈન શાસન, શાસનસમ્રાટ સમુદાયને તથા વિશેષ કરીને ભાવનગર જૈન સંઘને કદી ન પુરાય તેવી ખોટ પડી છે. આ પ્રસંગે બાર નવકાર ગણી પૂજ્યશ્રીના દિવ્ય આત્માની શાંતિ ઈચ્છવામાં આવી હતી.

શ્રાવક - શ્રાવિકાઓ, આગેવાનો તથા શ્રમણ -શ્રમણીઓની વિશાળ હાજરીમાં આ ગુણાનુવાદ સભા યોજાઈ હતી.

અન્ય શ્રમણ ભગવંતોએ પણ સ્વર્ગસ્થ આચાર્યશ્રીના અનેક ગુણોનું વર્ણન કરી એ ગુણોમાંથી અમુક અંશો આપણામાં આવે તોય જીવન ધન્ય બની જાય તેવી શુભકામના વ્યકત કરી હતી.

## આટલું જરૂર યાદ રાખો...

હા, રેલ્વેના ટાઈમ ટેબલમાં ફેરફાર થઈ શકે છે, ઝમ્બો જેટ પ્લેન લેઈટ આવી શકે છે, ટપાલ કે ટેલીગ્રામ ગેરવલ્લે જઈ શકે છે, દૂધવાળો - છાપાવાળો કે કપડાવાળો કદાચ સમયમાં ગરબડ કરી શકે છે પણ યાદ રાખજો કે યમરાજના આગમનમાં કોઈ ફેરફાર થતો નથી. મૃત્યુ તો નિશ્ચિત સમયે જ આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કીર્તિ અને પ્રસિદ્ધિ, જુઠી શાન અને શોભા : આ નશો પણ માણસને ભાન ભુલાવે છે

- મહેન્દ્ર પુનાતર

જૈન ધર્મમાં કહ્યું છે કે મોહ, માયા અને આસક્તિ આ ત્રણ પ્રલોભનો માણસને દુઃખમય બનાવે છે. આ દુનિયામાં માણસને બે વસ્તુઓનો અતિ મોહ છે, એક ધન અને બીજું કીર્તિ. આ બન્ને વસ્તુ મેળવવા માણસ દોડી દોડી અને ભારે મથામણ કરે છે. પરિશ્રમ વગર જેમને આ બધું જલદીથી મળી જાય છે, તેમના અહંકારનો પારો ઊંચો ચડી જાય છે, અને છેવટે તેમના દુઃખનું - પતનનું આ કારણ બને છે. અને પરિશ્રમ કર્યા પછી પણ આ બધું મળતું નથી. તેમના જીવનમાં હતાશા અને નિરાશા આવી જાય છે. વધુ પડતું ધન અને વધુ પડતી કીર્તિ અને પ્રસિદ્ધિ કોઈને સુખચેનથી રહેવા દેતી નથી.

ધન આવ્યા પછી માણસને કીર્તિનો મોહ જાગે છે. આ એક નશો છે. જેની આદત જલદી છૂટતી નથી. માન ન મળે, ઉચિત સ્વાગત ન થાય કે ઉંચા આસને બેસવા ન મળે તો દિલમાં ઘા લાગે છે. સામાજિક સ્તરે કોઈ આગળ નીકળી ગયું. આપણા કરતાં વધુ માન મેળવી ગયું તે સહન થતું નથી.

લોકો હંમેશા કહેતા હોય છે. 'ભાઈ આપણને ખુરશીનો-હોદ્દાનો મોહ નથી. આપણે તો કામ કરવું છે, સેવા કરવી છે.' પરંતુ હકીકતમાં તેમને હોદ્દો આપો નહી, ખુરશી પર બેસાડો નહીં, ત્યાં સુધી તેઓ કામ કરતાં નથી. કેટલાંક માણસોને હોદ્દા અને માનપાન વગેરે કામ કરવાનું ફાવતું નથી, અને કેટલાંકને તો આ બધું મળે તો પણ કામ કરતાં નથી અને કોઈને કરવા દેતા નથી. કેટલાક માણસો સેવાની વાત કરીને સિફતથી હોદ્દો છીનવી લે છે. કેટલાંક સહજ આગ્રહ થાય તો સ્ટેજ પર ચડી બેસે છે. કેટલાંક માઈક પર ચીટકી રહે છે. કેટલાંક માઈક ઝૂંટવી લે છે અને બોલતા આવડે કે ન આવડે ભરડે રાખે છે. નાનો એવો હોદ્દો, નાનું એવું બિરૂદ કે નાનો એવો એવોર્ડ મળે તો માણસ ગામ ગજાવી મૂકે છે. સમાજ - રત્ન, યુવક - રત્ન, સમાજ-શ્રેષ્ઠિ, ધર્મ - ઉદ્ધારક, સમાજ - ઉદ્ધારક આવા કહેવાતાં માન-ચાંદ માટે કેટલાક લોકો તલપાપડ હોય છે. કેટલીક સંસ્થાઓ આવા સન્માન સમારંભો યોજતી હોય છે અને આવા ઈલકાબો અને એવોર્ડોની લહાણી કરતી હોય છે. તેનું કોઈ ચોક્કસ ધોરણ હોતું નથી. આમાં એવોર્ડ લેનાર અને દેનાર બંનેની ગરિમા જળવાતી નથી. આ સસ્તી પ્રસિદ્ધિ છે.

સાધુ અને સંતો પણ કીર્તિ અને પ્રસિદ્ધના મોહમાંથી મુક્ત નથી. સૌ કોઈને પોતાનો પ્રભાવ ઊભો કરવો છે, વર્ચસ્વ જમાવવું છે. ધન, કીર્તિ અને કામનામાં એક મર્યાદા હોય છે. કોઈ વસ્તુ અતિ સારી નથી.

ધન આવે ત્યારે માણસ વધુ નમ્ર અને વિવેકી બને તો ધન શોભે છે. વૃક્ષને જ્યારે ફળ આવે ત્યારે ઝુકી જાય છે. જે લોકો સત્કૃત્યો અને નિષ્ઠાપૂર્વક સેવા બજાવે છે તેની સુગંધ ચોમેર પ્રસરે છે. તેમને ઢોલ - નગારા વગાડવા પડતા નથી. કીર્તિ એની મેળે તેના કદમ ચૂમે છે. અધુરા ઘડાઓ વધારે છલકાતા હોય છે. સાચા અને સારા માણસને છીપના મોતીની જેમ શોધવા પડે છે.

ભગવાન મહાવીરના વચનો છે કે 'મોહ માયાનો ત્યાગ કરો, અપરિગ્રહ ધારણ કરો અને પ્રભુ ભક્તિમાં લીન થાઓ, જીવનના બધા ઉત્પાતો મોહ અને માયાના કારણે છે. તેનાથી દુઃખ સિવાય બીજું કશું નથી. આપણને અણમોલ જીવન મળ્યું છે તેનો સદઉપયોગ કરવાનો છે. આપણે માટે તો આપણે જીવીએ છીએ થોડું. બીજાના માટે જીવતા શીખીએ. ધનનો બીજાના આંસુ લૂંછવા માટે ઉપયોગ કરીએ. મોહ, માયા, કીર્તિ, પ્રસિદ્ધિ અને અહંકારનો ભાર ઉતારીને હળવાફૂલ જેવા થઈ જઈએ. સેવા કરીએ પણ મેવાની અપેક્ષા ન રાખીએ.

રાગ છોડીને ત્યાગની ભાવનાને જીવનમાં ઉતારીને માન, ચાંદ, કીર્તિ, પાણીના પરપોટા જેવી છે તેને નષ્ટ થતાં વાર નહી લાગે. સરળતા અને સહજતામાં જીવનનો આનંદ છે.

(મુંબઈ સમાચારના જિનદર્શન વિભાગમાંથી સાભાર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાર્તિકી પૂર્ણિમાં (કા.સુ.૧૫) ની કથા (સંક્ષીપ્ત)

- પં.શ્રી ભાનુચંદ્રવિજયજી ગણિવર્ય

જે આત્મા સિદ્ધગિરિમાં આવી જિનેશ્વરદેવના ધ્યાનમાં તત્પર થઈને કાર્તિકી પૂર્ણિમાનું આરાધન કરે છે. તે આત્મા આ લોકમાં સર્વ સુખ પામીને અનુક્રમે મોક્ષસુખને પામે છે.

એક ઉપવાસનો તપ કરી કાર્તિકી પૂર્ણિમાના દિવસે શ્રી શત્રુંજ્યગિરિની ત્રિકરણ યોગે યાત્રા કરનાર આત્મા સ્ત્રી હત્યા, બાલ હત્યા, ઋષિ હત્યા વિગેરે પાપોથી મુક્ત થાય છે.

એકદા નમિ - વિનમિ નામના વિદ્યાધર રાજર્ષિના બે પ્રશિષ્યો આકાશ માર્ગે તાપસોના આશ્રમે આવ્યા. તાપસોએ વાંદીને પૂછ્યું, કે "તમો કયાં જાઓ છો? ત્યારે તે બન્ને મુનિઓ તેમને ધર્મલાભની આશિષ આપીને બોલ્યા કે 'અમો શ્રી પુંડરીકગિરિજીની યાત્રાએ જઈએ છીએ" તાપસોએ પૂછ્યું કે "તે ગિરિનું માહાત્મય કેવું છે" મુનિએ જવાબ આપ્યો.

અહિં (શ્રી સિદ્ધાચલજી ઉપર) તીર્થના પ્રભાવથી શુદ્ધ ચારિત્રથી શોભતા એવા અનંત જીવો મુક્તિને પામ્યા છે અને હજુ પણ ઘણા જીવો અહિં સિદ્ધિપદને પામશે. આ પ્રમાણે તીર્થનો મહિમા લાખ વરસ સુધી વર્ણન કરીએ તો પણ તે તીર્થના મહિમાનું વર્ણન પુરૂ થઈ શકે તેમ નથી. તે તીર્થમાં નમિ - વિનમિ નામના મુનિંદ્રો બે ક્રોડ મુનિઓ સહિત પુંડરીક ગણધરની જેમ ફા. સુ. દશમીને દિવસે મોક્ષે ગયા છે. પૂર્વે શ્રીમાન અનંત જ્ઞાન ગુણના ભંડાર શ્રી ઋષભદેવ પ્રભુના ગણધરો આદિ ઘણા કેવળી ભગવંતોના વચનોથી અમે સાંભળ્યું છે કે "ભાવિ કાળમાં આ તીર્થને વિષે ઘણા ઉત્તમ પુરૂષો સિદ્ધિપદને પામશે"

શ્રી રામચંદ્ર રાજર્ષિ ત્રણ ક્રોડ મુનિ સહિત સિદ્ધિપદને, વીસ ક્રોડ મુનિઓ સહિત પાંડવો, થાવચ્ચા પૂત્ર એક હજાર મુનિઓ સાથે, શુક્રાચાર્ય એક હજાર મુનિઓ સાથે, સેલક રાજર્ષિ પાંચસો મુનિઓ સહિત મોક્ષે ગયેલા છે. કેવળજ્ઞાની પણ એ તીર્થના મહિમાનું વર્ણન કરવા માટે શક્તિમાન નથી. એ પ્રમાણે પરમ પાવન તીર્થાધિરાજનું માહાત્મ્ય સાંભળીને તે સર્વે તાપસો પુંડરીક તીર્થની યાત્રા કરવા માટે ઉત્કૃષ્ટ ભાવનાવાળા બન્યા એટલે તે મુનિની સાથે તે બધા તાપસોએ ભૂમિ માર્ગે પ્રયાણ કર્યું. માર્ગમાં તે વિદ્યાધર મુનિના ઉપદેશથી તે બન્ને જણાએ સ્વહસ્તે લોચ કરીને સાધુ ધર્મ અંગીકાર કર્યો. અનુક્રમે ચાલતા ચાલતા દૂરથી શ્રી સિદ્ધાચલજીને દષ્ટિ વડે જોઈને અત્યંત આનંદ ઉત્પન્ન થયો. પછી ત્યાં પહોંચી શ્રી ભરત ચક્રવર્તિના બનાવેલા ચૈત્યોમાં યુગાદીશ પ્રભુને તેઓ ભક્તિપૂર્વક નમ્યા, ત્યાર પછી માસક્ષમણને અંતે તે વિદ્યાધર મુનિઓએ તેમને કહ્યું કે હે મુનિઓ ! તમારા અનંતકાલથી સંચય કરેલા કર્મો આ તીર્થની સેવનાથી ક્ષય પામશે. માટે તમારે અહીં જ તપ સંયમમાં તત્પર થઈને રહેવું." એમ કહી બન્ને મુનિઓ ત્યાંથી વિહાર કરી ગયા. ત્યાર પછી શ્રાવિક અને વારિખિલ્લજી વિગેરે દશક્રોડ સાધુઓ ત્યાં જ રહીને તપ કરવા લાગ્યા. અનુક્રમે એક મહિનાની સંલેખના કરીને તે સર્વ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. તેમના પુત્રોએ ત્યાં આવી તેમના નિવાસ સ્થાને પ્રસાદો બંધાવ્યા. શ્રી ભરતેશ્વરના નિર્વાણથી પૂર્વ કોટી વર્ષો બાદ દ્રવિડ અને વારિખિલ્લજી આદિ મુનિવરોનું મોક્ષગમન થયું.

જેઓ શંકા રહિત શ્રી સિદ્ધાચલજી ઉપર જઈને કાર્તિક તથા ચૈત્રી પૂર્ણિમાંના દિવસે આદરપૂર્વક દાન - તપ આદિ કરે છે, તેઓ મોક્ષ સુખને પામનારા બને છે. (- પર્વ કથા પુસ્તકમાંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓક્ટોબર - ૨૦૦૬ ☐ RNI No. GUJGUJ/2000/4488

शक्यं येत् प्रतिबोद्धव्यो दोषवानर्हया गिरा ।
उचिता न पुनस्तस्य यत्र - तत्रावहेलना ॥

卐

દોષવાળા માણસને, શક્ય હોય તો યોગ્ય
શબ્દોથી સમજાવી શકાય, પણ જ્યાં-ત્યાં
દુષ્ટ ભાવથી તેની અવહેલના
કરવી ઉચિત નથી.

卐

One may, if it is possible,
persuade a faulty man to improve
morally by proper instruction,
but to revile him with evil mind
here and there, is not becoming.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૯,*
*ગાથા : ૬, પૃષ્ઠ - ૧૯૨)*

卐

તંત્રી : શ્રી જસવંતરાય સી. ગાંધી
મુદ્રક અને પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી જસવંતરાય સી. ગાંધીએ ઘનશ્યામ ઓફસેટ, નિલકંઠ મહાદેવ મંદીર સામે, ભગાતળાવ, ભાવનગર-૩૬૪ ૦૦૧ માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.

BOOK-PACKET CONTAINING PERIODICAL

પ્રતિ,

FROM :
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

For Private And Personal Use Only